Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૩ : અંક ૪ ] અમદાવાદ : ૧૫-૧-૪૮ [ ક્રમાંક ૧૪૮

## विषय-दर्शन

૧ બેગર્સ બિલ (ભિખારીધારા)ના સંબંધમાં પૂ. મુ. મ. શ્રી. વિદ્યાવિજયજીએ ગ્વાલિયર રાજસભાના મંત્રીને લખેલ પત્ર. : ટાઇટલ પાનું-૨
२ खामणाकुलकम् : पू. मु. म. श्री. कान्तिविजयजी : ९७
३ अगडदत्तचरित्र सम्बन्धी चार अन्य रास : श्री. अगरचंदजी नाहटा : ९९
૪ બાર ભાવનાનું સાહિત્ય : પ્રો. હીરાલાલ ર. કાપડિયા : ૧૦૧
૫ મુનિરાજ શ્રી આણંદવર્ધનવિરચિત ત્રેસઠશલાકા પુરુષ આયુષ્યાદિ બત્રીસ સ્થાનક વિચારગર્ભિત સ્તવન : પૂ. મુ. મ. શ્રી. રમણિકવિજયજી : ૧૧૧
૬ દાર્શનિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રી સિદ્ધસેનદિવાકરજીની ૧૯મી દ્વાત્રિંશિકાનું એક અધિક મળી આવેલું પદ્ય : પૂ. મુ. મ. શ્રી જંબૂવિજયજી : ૧૧૪
૭ પ્રશ્નોત્તર-પ્રબોધ : પૂ. આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી : ૧૧૭
'વિશાલભારત'નો પુરાતત્ત્વાંક : ટાઇટલ પાનું-૩

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બેગર્સ બિલ (ભિખારી ધારા)ના સંબંધમાં

## પૂ. મુ. મ. શ્રી. વિદ્યાવિજયજીએ ગ્વાલિયર રાજસભાના મંત્રીને લખેલ પત્ર

ગ્વાલિયર રાજ્યની ધારાસભામાં એક બેગર્સ બિલ (ભિખારી ધારો) રજુ થયેલ છે. આ બિલ જૈન સાધુઓના આચારોને ખોટી રીતે અસર ન કરે તે સંબંધમાં ઘટતું કરવા માટે શિવપુરીથી પૂ. મુ. મ. શ્રી. વિદ્યાવિજયજી મહારાજે ગ્વાલિયર રાજસભાના મંત્રી ઉપર જે પત્ર લખ્યો છે તેની નકલ આગરાથી પ્રસિદ્ધ થતા 'શ્વેતાંબર જૈન 'અઠવાડિકના તા. ૧-૧-૪૮ના અંક ઉપરથી ઉદ્ધૃત કરીને અહીં આપવામાં આવે છે. —તંત્રી.

आशीर्वाद। मैंने सुना है कि राजसभा में किसी महाशय ने बाम्बे प्रेसीडन्सी का अनुकरण करके बेगर्स बिल पेश किया है। इसका उद्देश्य कुछ भी हो; परन्तु उस उद्देश्य से सम्बन्ध नहीं रखनेवाले साधुओं के साथ अन्याय न हो, इसका ध्यान रखना आवश्यक है। मैं जैन साधुओं की तरफ सभा का ध्यान आकर्षित करना चाहता हूं। संसार के भिक्षावृत्ति करनेवाले सब साधुओं से जैन साधुओं के आचार विचार और यम नियम भिन्न प्रकार के हैं।

(१) जैन साधु भिक्षा से ही निर्वाह करते हैं, परन्तु वे अपनी भिक्षा के लिये किसी भी गृहस्थ को या समाज को तकलीफ नहीं देते हैं।

(२) जैन साधु स्वयं रसोई नहीं बना सकते हैं; क्योंकि वे न पैसा टका रखते हैं, न पदार्थों का संग्रह रखते हैं और न बिना उबाला पानी और अग्नि आदि का उपयोग ही कर सकते हैं।

(३) उन्हीं गृहस्थी के घरों में वे भिक्षा लेने जाते हैं जो उनके प्रति पूर्ण श्रद्धा रखते हैं और उनकी भिक्षा के नियमों को अच्छी तरह से जानते हैं।

(४) किसी भी गृहस्थ के यहां से भिक्षा भी उतनी ही लेते हैं. जिससे कि गृहस्थों को किसी प्रकार का संकोच न हो और फिर बनाने की जरूरत न पडे। सारांश यह है कि एक गृहस्थ के यहां से थोडी सी ही भिक्षा लेते हैं। इसी प्रकार और भी अनेक गृहस्थों के यहां से थोडी २ भिक्षा लेकर वे अपना उदर-निर्वाह करते हैं। आवश्यकता से अधिक न तो वे ले सकते हैं, न बचाकर ही रख सकते हैं और न उस समय के बाद उसका उपयोग ही कर सकते हैं। यह बात केवल भिक्षा के लिये ही नहीं है किन्तु जल के सम्बन्ध में भी जैन साधुओं का कठोर नियम है। वें उबला हुआ जल भी उतना ही ले सकते हैं, जो दस बारह घन्टे तक उपयोग में आ सके। इस अवधि के बाद यदि जल की आवश्यकता हुई तो फिर दूसरी बार का उबला हुआ जल लेने के लिये गृहस्थ के यहां जाते हैं। कहने का सारांश यह है कि जल का भी तो वे एक दिन का पूरा संग्रह नहीं रख सकते हैं।

[ અનુસંધાન-ટાઇટલના ત્રીજા પાને ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| वर्ष १३ | विक्रम सं. २००४ : वीरनि. सं. २४७४ : ई. स. १९४८ | क्रमांक |
|---|---|---|
| अंक ४ | पोष शुदि ४ : गुरुवार : १५मी जानेवारी | १४८ |

## खामणाकुलकम् ।

संपादकः—पूज्य मुनि महाराज श्रीकांतिविजयजी

जो कोइ मए जीवो चउगइसंसारभवकडिल्लंमि ।
दूहविओ मोहेणं तमहं खामेमि तिविहेणं ॥ १ ॥

नरएसु य उववन्नो सत्तसु पुढवीसु नारगो होउं ।
जो कोइ मए जीवो दूहविओ तं पि खामेमि ॥ २ ॥

घायणचुन्नणमाई परोप्परं जं कयाइं दुक्खाइं ।
कम्मवसएण नरए तं पि य तिविहेण खामेमि ॥ ३ ॥

निद्दयपरमाहम्मियरूवेणं बहुविहाइं दुक्खाइं ।
जीवाणं जणियाइं मूढेणं तं पि खामेमि ॥ ४ ॥

हा ! हा ! तइया मूढो न याणिमो जं परस्स दुक्खाइं ।
करवत्तयछेयणभेयणेहिं केलीए जणियाइं ॥ ५ ॥

जं किं पि मए तइया कलंकलीभावमागएण कयं ।
दुक्खं नेरइयाणं तं पि य तिविहेण खामेमि ॥ ६ ॥

तिरियाणं चिय मज्झे पुढवीमाईसु खारभेएसु ।
अवरोप्परसत्थेणं विणासिया ते वि खायेमि ॥ ७ ॥

बेइंदियतेइंदियचउरिंदियमाइणेगजाईसु ।
जे मक्खिय दुक्खविआ ते वि य तिविहेण खामेमि ॥ ८ ॥

जलयरमज्झगएणं अणेगमच्छाइरूवधारेणं ।
आहारट्ठा जीवा विणासिया ते वि खामेमि ॥ ९ ॥

छिन्ना भिन्ना य मए बहुसो दुट्ठेण बहुविहा जीवा ।
जे जलमज्झगएणं ते वि य तिविहेण खामेमि ॥ १० ॥

सप्पसरीसवमज्झे वानरमज्जारसुणहसरहेसु ।
जे जीवा वेलविआ दुक्खता ते वि खामेमि ॥ ११ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सद्दूलसीहगंडयजाईसुं जीवघायजणियासु ।
जे उववसेण मए विणासिया ते वि खामेमि ॥ १२ ॥
ओलावगिद्धकुक्कुडहंसबगाईसु सउणजाईसु ।
जे छुहवसेण खद्धा किमिमाई ते वि खामेमि ॥ १३ ॥
मणुएसु वि जे जीवा जिब्भिंदियमोहिएण मूढेण ।
पारद्धिरमंतेणं विणासिया ते वि खामेमि ॥ १४ ॥
फासगढिएण जे च्चिय परदाराईसु गच्छमाणेणं ।
जे दूमियदूहविया ते वि य खामेमि तिविहेणं ॥ १५ ॥
चक्खिंदियघाणिंदियसोइंदियवसगएण जे जीवा ।
दुक्खंमि मए ठविआ ते हं खामेमि तिविहेणं ॥ १६ ॥
सामित्तं लहिऊणं जे बद्धा घाइया य मे जीवा ।
सवराहनिरवराहा ते वि य तिविहेण खामेमि ॥ १७ ॥
अक्कमिऊणं आणा कारविया जे उ माणभंगेणं ।
तामसभावगएणं ते वि य तिविहेण खामेमि ॥ १८ ॥
अब्भक्खाणं जं मे दिन्नं दुट्ठेण कस्सइ नरस्स ।
रोसेण व लोभेण व तं पि य तिविहेण खामेमि ॥ १९ ॥
परआवयाए हरिसो पेसुन्नं जं कयं मए इहइं ।
मच्छरभावठिएणं तं पि य तिविहेण खामेमि ॥ २० ॥
रुद्दो खुद्दसहावो जाओ णेगासु मिच्छजाईसु ।
धम्मो त्ति सुहो सद्दो कन्नेहि वि तत्थ नो विसुओ ॥ २१ ॥
परलोगनिप्पिवासो जीवाण सया घायणपसत्तो ।
जं जाओ दुहहेऊ जीवाणं तं पि खामेमि ॥ २२ ॥
आरियखित्ते वि मए खट्टिगवागुरियडुम्बजाईसु ।
जे वि हया जियसंघा ते वि य तिविहेण खामेमि ॥ २३ ॥
मिच्छत्तमोहिएणं जे वि हया के वि मंदबुद्धीए ।
अहिगरणकारणेणं वहाविआ ते वि खामेमि ॥ २४ ॥
दवदाणपलीवणयं काऊणं जे जिया मए दड्ढा ।
सरदहतलायसोसे जे वहिया ते वि खामेमि ॥ २५ ॥
सुहदुहलिएण मए जे जीवा केइ भोगभूमीसु ।
अंतरदीवेसुं वा विणासिया ते वि खामेमि ॥ २६ ॥
देवत्ते वि य पत्ते केलिपओसेण लोहबुद्धीए ।
जे दूहविया सत्ता ते वि य खामेमि सव्वे वि ॥ २७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भवणवईणं मज्झे आसुरभावम्मि वट्टमाणेणं ।
निद्दयहणणमणेणं जे दूमिया ते वि खामेमि ॥ २८ ॥
वंतररूवेण मए केलीकिलभावओ य जं दुक्खं ।
जीवाणं संजणियं तं पि य तिविहेण खामेमि ॥ २९ ॥
जोइसिएसु गएणं विसयामिसमोहिएण मूढेणं ।
जो को वि कओ दुहिओ पाणी मे तं पि खामेमि ॥ ३० ॥
पररिद्धिमच्छरेणं लोहनिबुड्डेण मोहवसगेणं ।
अभियोगिएण दुक्खं जाण कयं ते वि खामेमि ॥ ३१ ॥
इय चउगइभावन्ना जे के वि य पाणिणो मए वहिया ।
दुक्खे वा संठविया ते खामेमो अहं सव्वे ॥ ३२ ॥
सव्वे खमंतु मज्झं अहं पि तेसिं खमेमि सव्वेसिं ।
जं केणइ अवरद्धं वेरं चइऊण मज्झत्था ॥ ३३ ॥
न य कोइ मज्झ वेसो सयणो वा एत्थ जीवलोगंमि ।
दंसणनाणसहावो एक्को हं निम्ममो निच्चो ॥ ३४ ॥
जिणसिद्धा सरणं मे साहू धम्मो य मंगलं परमं ।
जिणनवकारो पवरो कम्मक्खयकारणं होउ ॥ ३५ ॥
इय खामणा उ एसा चउगइमावन्नयाण जीवाणं ।
भावविसुद्धीए महं कम्मक्खयकारणं होउ ॥ ३६ ॥

આ 'ખામણાકુલક' પાટણના શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરની (વાડીપાર્શ્વનાથ ભંડારની) તાડપત્રીય પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

# अगडदत्तचरित्र सम्बन्धी चार अन्य रास

लेखक– श्रीयुत अगरचंदजी नाहटा

"जैन सत्य प्रकाश" के क्रमांक १४३ में प्रो. हीरालाल कापडिया के "धम्मिल अने अगडदत्तना चरित्रनी सामग्री" शीर्षक लेख में अगडदत्तचरित्र सम्बन्धी गुजराती रचनाओंका उलेख जैन गुर्जर कविओ भा. ३ के आधारसे किया है। उसके सम्बन्ध में यहां विशेष ज्ञातव्य प्रकाश में लाया जा रहा है।

१. उल्लिखित सभी रासोंको गुजराती भाषा का बतलाना उचित नही है; इसमें से कई राजस्थानी भाषा के भी हैं। जैन गुर्जर कविओ में केवल गुजराती ही नहीं, पर गुजराती, हीन्दी और राजस्थानी तीनों भाषाओंकी जैन रचनाओंका समावेश है, यद्यपि नामकरण गुजराती प्रधान होने व संकलनकर्ता के गुजराती होने के कारण 'गुर्जर कविओ' रख दिया है।

२. श्रीसुन्दर के अगडदत्तप्रबन्ध का समय १६६६ ही है, १६३६ होनेकी आशंका जैन गुर्जर कविओ में की गई वह अविचारित है, क्योंकि रास के आदिमें जिनचंद्रसूरिको

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अकबर प्रतिबोधक के रूप में स्मरण किया है और अकबर प्रतिबोधका समय सं. १६४९ है, अतः ३६ संभव नहीं, न उस समय जिनसिंहसूरिको आचार्यपद ही मिला था, जिसका प्रशस्ति में उल्लेख है।

३. कल्याणसागर का समय अभी शंकित है। देसाईने उनका अंचलगच्छीय कल्याणसागरसूरि होना अनुमान किया है, पर नोंध में सूरि शब्द न होने से अन्य भी संभव है। प्रति देख के निर्णय करना आवश्यक है।

४. जयसोमको जिनकुशलना शिष्य लिखना भी सही नहीं। वे तो उनकी परम्परा में हुए हैं। जयसोम के विद्वान ग्रन्थकार शिष्य गुणविनय ही थे, अतः हमारे परामर्श अनुसार ही देसाई ने गुणविनय की कृतियों में इस रचनाको सम्मिलित किया है।

५. आपने जैन गुर्जर कविओका उल्लेख तो समुच्चय रूपमें किया है, पर वास्तवमें आपने उसका तीसरा भाग ही देखा है जैसा कि सलोकाके लेख में हुआ है। इसमें भी जैन गुर्जर कविओ के भा. १–२ का उल्लेख नहीं कर पाये। वे ये है :–

१. सुमतिरचित अगडदत्त रास सं. १६०१ कार्तिक शुकला ११ रवि।
२. थानसागर रचित ,, ,, सं. १६८५ आसोज वदि ५ खंभात।
३. शांतिसौभाग्य रचित अगडदत्त ऋषि चौपई सं. १७८७ पाटण।

इनके अतिरिक्त हमारे संग्रहमें एक अन्य अगडदत्त रास की अपूर्ण प्रति है जिसके प्रारंभिक पद्य इस प्रकार हैं:–

"सिद्ध रिद्ध निद्ध दायका महावीर जिणराज।
तास तणा चरणा नमी चरित रच्युं सुखदाय। १।
चरण कमल सतगुरु तणा, प्रणमी बे कर जोड।
अगडदत्त कुमारना, वर्णन करू मद मोडि। २।

६. जैन गुर्जर कविओ भा. २, पृ. ६४० के अनुसार जैन विद्याशाला अहमदाबाद से प्रकाशित शीलोपदेशमाला के पृ. ३८२ में भी अगडदत्तकाचरित्र प्रकाशित हो चुका है।

७. श्रीविनयभक्तिसुन्दरचरणग्रन्थमाला की ओर से संस्कृत में अगडदत्तचरित्र प्रकाशित है, जिसके ३३४ पद्य हैं।

## एक आवश्यक सूचना

फागु, विवाहला, संवाद एवं सिलोको सम्बन्धी साहित्य पर पूर्ण प्रकाश डालनेपर भी नित्य नवीन अनेकों रचनाओंका पता चलता रहता है। कतिपय नवीन प्राप्त फागु काव्य एवं विवाहलोंका तो परिचय फिर कभी दिया जायगा। इसी प्रकारके संधिकाव्य जैन भाषा साहित्यमें बहुत अधिक मिलते हैं, जिनके सम्बन्धमें मेरा एक महत्त्वपूर्ण लेख 'राजस्थानी' के नवीन अंक (प्रथमांक) में "अपभ्रंश भाषा के संधिकाव्य और उनकी परम्परा" शीर्षक से प्रकाशित हुआ है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાર ભાવનાનું સાહિત્ય

( લે૦-પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** )

જૈન દર્શનના અને ખાસ કરીને વાચકવર્ય ઉમાસ્વાતિએ રચેલા **તત્ત્વાર્થસૂત્ર**ના અભ્યાસીથી એ વાત અજાણી નથી કે જૈન સાહિત્યમાં 'બાર ભાવના' વિષે છૂટું છવાયું ઘણું લખાયું છે, અને તે આ ભાવનાઓની મહત્તાને અનુરૂપ છે. જૈન દર્શન સિવાયનાં દર્શનોમાં આ બાર ભાવનાઓ વિષે કોઈ એક જ સ્થળે ઉલ્લેખ હોય—નિરૂપણ હોય તો તે જોવા જાણવામાં નથી. આથી આ લેખમાં જૈન સાહિત્યનો જ વિચાર કરાય છે. આ સાહિત્યમાં આગમો એની પ્રાચીનતા, મૌલિકતા, ઇત્યાદિને લઈને અગ્ર સ્થાન ભોગવે છે. એ તરફ દૃષ્ટિપાત કરતાં મને **મરણસમાહિ**માં બાર ભાવનાનાં નામ અને એનું સ્વરૂપ નજરે પડ્યું છે. જેમકે એની ૫૭૦મી ગાથામાં બાર ભાવના એવો ઉલ્લેખ છે. ગા. ૫૭૨-૩માં બાર ભાવનાનાં નામ છે અને ગા. ૫૭૪-૬૩૭માં એનું સ્વરૂપ આલેખાયું છે.[1] આમ આ એક પઇણ્ણગની સાઠેક ગાથા પાઠ્યની દૃષ્ટિએ શ્વેતાંબર સાહિત્યમાં સૌથી પ્રાચીન સાધન છે. અંગમાં બાર ભાવનાનાં નામ વગેરે મારા જોવામાં આવ્યાં નથી. બાકી 'ઠાણ'માં ભાવનાને માટે 'અણુપ્પેહા' (સં. અનુપ્રેક્ષા) શબ્દ વપરાયો છે એટલું જ નહિ પણ ઠા. ૪, ઉ. ૧ (સુ. ૨૪૭)માં 'ધર્મ' ધ્યાનની ચાર અણુપ્પેહાનો તેમજ 'શુક્લ' ધ્યાનની ચાર અણુપ્પેહાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

સૂયગડ (૧,૨,૧,૧)માં બોધિની દુર્લભતા વિષે ઉલ્લેખ છે અને ૨,૧,૧૩ (પૃ. ૭૭)માં 'અન્યત્વ' ભાવનાનું બીજ જોવાય છે.

**ઉત્તરજ્ઝયણ** (અ. ૧૦, શ્લો. ૧૮)માં ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ છે એમ કહી ધર્મસ્વાખ્યાત-તત્ત્વ-ભાવના વિષે સૂચન છે. આ આગમનું વીસમું અજ્ઝયણ 'અશરણ' ભાવનાનું દ્યોતક છે. આના તેરમા અજ્ઝયણ ઉપરની નેમિચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૨૯માં રચેલી વૃત્તિ ( પત્ર ૧૮૭ આ)માં અશુચિત્વનો અધિકાર છે.

આ તો આગમોની વાત થઈ એટલે હવે આપણે અનાગમિક સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે શ્વેતાંબર તેમજ દિગંબર એમ ઉભય સંપ્રદાયને માન્ય **તત્ત્વાર્થ સૂત્ર** (અ. ૯, સૂ. ૭)માં બાર ભાવનાઓ-અનુપ્રેક્ષાઓ એનાં નામ સાથે ગણાવાઈ છે. શ્વેતાંબરોને ઉદ્દેશીને તો આ જ અથવા **પ્રશમરતિ** ( શ્લો. ૧૪૯-૧૫૦ ) પ્રાચીનમાં પ્રાચીન સંસ્કૃત ઉલ્લેખ છે. દિગંબરો પૈકી કેટલાકને મતે આ **તત્ત્વાર્થસૂત્ર** એ જાતનું સાધન છે તો જેઓ કુન્દકુન્દ આચાર્યને ઈ. સ. ના પ્રારંભમાં થઈ ગયેલા માને છે અને **તત્ત્વાર્થસૂત્ર**ના કર્તા ઉમાસ્વાતિને ઈ. સ.ના બીજા સૈકામાં થઈ ગયેલા ગણે છે તેમને મતે કુન્દકુન્દે રચેલ **બારસ-અણુવેક્ખા** એ આ જાતનું પ્રાચીનમાં પ્રાચીન સાધન છે. આનાં પછીનાં અન્ય સાધનો ભાષાદીઠ નોંધું તે પૂર્વે ઠાણ ( સુ. ૨૪૭)માંનો પ્રસ્તુત ઉલ્લેખ તેમજ **તત્ત્વાર્થસૂત્ર** ( અ. ૯)નું સાતમું સૂત્ર હું રજૂ કરીશ.

---

૧ આ ઉપરાંત કોઈ કોઈ ગાથા બાર, ભાવના પૈકી કોઈકની ઝાંખી કરાવે છે. દા. ત. ૨૪૨મી ગાથા 'અસરણ' ભાવનાની, ૨૪૩મી ગાથા 'એકત્વ' ભાવનાની, ૩૬૮મી ગાથા 'અન્યત્વ' ભાવનાની, અને ગા. ૩૮૫-૭ 'અશુચિત્વ' ભાવનાની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"धम्मस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पं० तं जहा — एगाणुप्पेहा, अणिच्चाणुप्पेहा, असरणाणुप्पेहा, संसाराणुप्पेहा"

"सुक्कस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पं० तं—अणंतवत्तियाणुप्पेहा, विपरिणामाणुप्पेहा, असुभाणुप्पेहा, अवायाणुप्पेहा"

પહેલો ઉલ્લેખ એકત્વ, અનિત્યત્વ, અશરણત્વ અને સંસારને લગતી ચાર અનુપ્રેક્ષા સંબંધી છે, જ્યારે બીજો અનંતવૃત્તિતા–ભવની પરંપરા, વિપરિણામ–વિવિધ પ્રકારનાં પરિણમન, અશુભતા (અશુચિત્વ), અને (આસ્રવરૂપ) અપાયને લગતી ચાર અનુપ્રેક્ષા પરત્વે છે.

**બાર અનુપ્રેક્ષા ( ભાવના )નાં નામઃ—**

તત્ત્વાર્થસૂત્રનું નીચે મુજબનું સૂત્ર બાર ભાવનાનાં નામ પૂરાં પાડે છેઃ—

"अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवर–संवर–निर्जरा–लोक–बोधिदुर्लभ–धर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ॥ ९–७ ॥

અર્થાત્ (૧) અનિત્ય(તા)નું, (૨) [2]અશરણ(તા)નું, (૩) સંસારનું, (૪) એકત્વનું, (૫) અન્યત્વનું, (૬) અશુચિત્વનું, (૭) આસ્રવનું, (૮) સંવરનું, (૯) નિર્જરાનું, (૧૦) લોકનું, (૧૧) બોધિદુર્લભ(તા)નું અને (૧૨) ધર્મના સ્વાખ્યાતતત્ત્વનું અનુચિંતન એમ બાર અનુપ્રેક્ષા છે–ઊંડાં ચિંતનો છે.

આ ભાવનાઓનું સ્પષ્ટીકરણ આના ઉપરનું સ્વોપજ્ઞ ભાષ્ય (પૃ. ૨૦૯–૨૨૩) પૂરું પાડે છે. એની વિશેષ સમજણ સિદ્ધસેનગણિકૃત ભાષ્યાનુસારિણી ટીકા પૂરી પાડે છે. તત્ત્વાર્થસૂત્રને લગતાં અન્ય શ્વેતાંબરીય તેમજ દિગંબરીય ટીકા, વિવરણ ઇત્યાદિ પણ આ ભાવનાઓને વિશદ કરનારાં સંસ્કૃત સાધનો છે.

ઉમાસ્વાતિએ પ્રશમરતિ સંસ્કૃતમાં રચી છે. એમાં ૧૪૯મા અને ૧૫૦મા પદ્યમાં બાર ભાવનાઓ ગણાવાઈ છે. આ બે પદ્યો નીચે પ્રમાણે છે.

"भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकताऽन्यत्वे ।
अशुचित्वं संसारः कर्मास्रवसंवरविधिश्च ॥ १४९ ॥
निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥ १५० ॥[3]"

આ બે પદ્યોમાં બાર ભાવનાનો જે ઉલ્લેખ છે તે પૂર્વોક્ત સૂત્રગત ઉલ્લેખથી બે બાબતમાં જુદો પડે છેઃ (૧) બાર ભાવનાનાં નામમાં અને (૨) એના ક્રમમાં. ક્રમમાં જે ભેદ છે તે કંઈ મહત્ત્વની વસ્તુ નથી, કેમકે અમુક જ ક્રમથી ભાવના ગણાવવી જોઈએ

---

૨ ઉત્તરજ્ઝયણ ( અ. ૨૦ )ને અનુલક્ષીને સમયસુંદરગણિએ તેમજ કનકવિજયના શિષ્ય મુનિ રામે રચેલી "અનાથમુનિની સજ્ઝાય" આ ભાવનાનું સ્વરૂપ પૂરું પાડે છે.

૩ આ બંને પદ્યો અનેકાન્તજયપતાકાની સ્વોપજ્ઞ વ્યાખ્યા (દ્વિતીય ખંડ, પૃ. ૨૨૫)માં અવતરણરૂપે અપાયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ નથી. નામમાં જે ફરક છે તે ઉપરચોઢિયો છે, આસ્રવભાવના અને કર્માસ્રવ-વિધિરૂપ ભાવના એ અર્થદૃષ્ટિએ એક જ છે. આ હકીકત સંવર-ભાવના અને સંવર-વિધિરૂપ ભાવનાને પણ લાગૂ પડે છે. લોકભાવના અને લોકવિસ્તરભાવના પણ વસ્તુતઃ એક છે.

**પ્રશમરતિ**નાં ૧૫૧માથી ૧૬૨મા સુધીનાં પદો બાર ભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. એને પણ બૃહદ્ગચ્છીય હરિભદ્રસૂરિએ વિ. સં. ૧૧૮૫માં રચેલી સંસ્કૃત ⁴વૃત્તિ અને અજ્ઞાતકર્તૃક ⁵અવચૂર્ણિ વધારે વિશદ બનાવે છે.

આ તો શ્વેતાંબરોના મતે બાર ભાવનાને અંગેના ઉલ્લેખ સંબંધી પ્રાચીનમાં પ્રાચીન ગ્રન્થોનો વિચાર કરાયો. હવે એ જાતના દિગંબર ગ્રન્થ વિષે કેટલીક બાબતો નોંધી લઇએ.

કુન્દકુન્દ એ દિગંબર આચાર્ય છે. ડૉ. ઉપાધ્યે **પવયણસાર**ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૨૨)માં એમના સમય તરીકે ઇસ્વીસનના પ્રારંભનો ઉલ્લેખ કરે છે. વિશેષમાં આ ઉપોદ્ઘાત (પૃ. ૪૦)માં એમણે આ આચાર્યની કૃતિ નામે **બારસ-અણુવેક્ખા**નો સંક્ષેપમાં પરિચય આપ્યો છે. અહીં કહેવાયા મુજબ આ ૯૧ ગાથાની નાનકડી કૃતિ છે. એમાં નીચે મુજબના ક્રમે બાર ભાવનાઓ વર્ણવાઇ છેઃ (૧) અનિત્યત્વ, (૨) અશરણત્વ, (૩) એકત્વ, (૪) અન્યત્વ, (૫) સંસાર, (૬) લોક, (૬) અશુચિત્વ, (૮) આસ્રવ, (૯) સંવર, (૧૦) નિર્જરા, (૧૧) ધર્મસ્વાખ્યાત અને (૧૨) બોધિદુર્લભતા.

આ સમગ્ર કૃતિ જઇણ સોરસેણી (જૈન શૌરસેની)માં રચાયેલી છે. **મૂલાચાર**ના આઠમા પ્રકરણની ગાથા સાથે આની કેટલીક ગાથા મળતી આવે છે. પાંચ ગાથા **સર્વાર્થસિદ્ધિ**માં અવતરણરૂપે અપાયેલી છે.

મૂલાચાર એ પણ જઇણ સોરસેણીમાં રચાયેલો દિગંબર ગ્રંન્થ છે. એની કેટલીક હાથપોથીમાં એના કર્તા તરીકે કુન્દકુન્દનું નામ છે. વસુનંદિએ આ ગ્રન્થ ઉપર **આચાર-વૃત્તિ** નામની વૃત્તિ રચી છે. એમણે અમિતગતિનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે આશાધરે એમનો (વસુનંદિનો) ઉલ્લેખ કર્યો છે, એ જોતાં વસુનંદિનો સમય ઇ. સ. ની દસમીથી તેરમી સદીના ગાળાનો ગણાય વસુનંદિના કથન મુજબ **મૂલાચાર** એ વટ્ટકેરની કૃતિ છે. **ત્રિવર્ણાચાર**ના આ કર્તા ઇસવી સનના પ્રારંભમાં થઇ ગયા એમ કેટલાક માને છે. એમનો સમય નક્કી ન થાય ત્યાં સુધી કુન્દકુન્દને પ્રાચીન ગણીએ તો **બારસ-અણુવેક્ખા** એ ભાવનાને અંતે પ્રાચીનમાં પ્રાચીન દિગંબર કૃતિ છે, નહિ તો વટ્ટકેરના મૂલાચારનું આઠમું પ્રકરણ એવું સાધન ગણાય.

શિવાર્ય ઉર્ફે શિવકોટિની કૃતિ નામે **ભગવતી-આરાધના** યાને **મૂલારાધના**ની લગભગ ૧૫૦ ગાથાઓ બાર ભાવનાના વિષયને લગતી છે. આ ગ્રન્થ કે ગ્રન્થકારનો સમય નિર્ણીત નથી. **મરણ-સમાહિ** નામના પઇણ્ણગ સાથે પૌરાણિક હકીકત (Legand) અંગે એનું સામ્ય છે. આ શ્વેતાંબરીય પઇણ્ણગની સિત્તેરેક ગાથા ભાવનાના વિષય માટે ઉપયોગી છે. આ પઇણ્ણગના રચનાસમયનો છેવટનો નિર્ણય કરવો બાકી છે.

---

૪-૫ બંને મૂળ સહિત દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ થયેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગભગ ઈ. સ. ના આઠમા સૈકામાં થઈ ગયેલા મનાતા કાર્તિકેય ઉર્ફે કુમાર નામના દિગંબર વિદ્વાને **બારસ-અણુવેકખા** નામની કૃતિ રચી છે. એમાં ૪૮૯ ગાથા છે. અને એ બારે ભાવનાઓનું સ્વરૂપ સ્પષ્ટ રીતે રજુ કરે છે. આ ગાથાઓ જઇણ સોરસેણીમાં છે.

કેવળ બાર ભાવનાઓને જ અંગે કોઈ પ્રાચીન દિગંબર વિદ્વાને સંસ્કૃતમાં કૃતિ રચી હોય તો તે જાણવામાં નથી. બાકી **અમિતગતિ**, **સોમદેવ** અને **પદ્મનંદિએ** પોતપોતાની કૃતિમાં બાર અનુપ્રેક્ષાના વિષયને સ્થાન આપ્યું છે. શુભચન્દ્રે પણ **જ્ઞાનાર્ણવમાં** આ વિષયને લગતાં લગભગ ૧૯૫ પદ્યો રચ્યાં છે. આ શુભચન્દ્રના સમય બાબત શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલે **યોગશાસ્ત્રના** ઉપોદ્ઘાત (પૃ. ૩૯-૪૦) માં ચર્ચા કરી છે. વિશ્વભૂષણ ભટ્ટારકકૃત 'ભક્તામરચરિત્ર' પ્રમાણે શુભચન્દ્ર **વૈરાગ્યશતક** વગેરેના કર્તા ભર્તૃહરિ અને માળવાના સુપ્રસિદ્ધ રાજા ભોજના સગા ભાઈ થાય. ભોજના વખતનું એક દાનપત્ર મળી આવ્યું છે. એ વિ. સં. ૧૦૭૮માં લખાયેલું છે. આમ શુભચન્દ્રનો સમય અગિયારમી સદીનો પૂર્વાર્ધ ગણાય. પૃ. ૪૦ માં ગોપાલદાસ કહે છે કે, "શુભચન્દ્ર અને હેમચન્દ્ર વચ્ચે બહુ બહુ તો ૭૦ કે ૮૦ વર્ષનો ગાળો રહે."

વિ. સં. ૧૧૪૫ માં જન્મેલા આ હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર** યાને **અધ્યાત્મોપનિષદ્** રચેલ છે. એના ચોથા પ્રકાશનમાંના શ્લો. ૫૫-૧૧૦ બાર ભાવનાઓનું સ્વરૂપ જ સમજાવે છે. વિશેષમાં એના ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિ આ વિષયને વિશેષતઃ વિશદ બનાવે છે. **જ્ઞાનાર્ણવના** ૨૯ થી ૪૨ સુધીના સર્ગોમાંથી હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્રના** પાંચમા પ્રકાશથી માંડીને અગિયારમા પ્રકાશ સુધીનો પ્રાણાયામ અને ધ્યાનના વર્ણનવાળો આખો ભાગ ઉતારી લીધો હોય એમ જણાય છે. એવું વિધાન ગોપાલદાસે પૃ. ૩૬માં કર્યું છે. તો એ તરફ હું ખાસ કરીને શ્વેતાંબર વિદ્વાનોનું સાદર લક્ષ ખેંચું છું.

અનિત્યત્વાદિ ભાવનાનું વર્ણન બન્ને ગ્રન્થોમાં એક જ શબ્દોમાં નથી, પણ એક જ શૈલીમાં છે અને તરત જ ધ્યાન ખેંચે એવા શબ્દસામ્યથી ઠેર ઠેર ભરપૂર છે, એમ એમણે પૃ. ૩૭-૩૮ માં કહ્યું છે. બાર ભાવનાને લગતી મહત્ત્વની દિગંબર કૃતિઓમાં કોઈ 'અપભ્રંશ' માં પણ હોય તો નવાઈ નહિ. ધવલે જે અપભ્રંશમાં **હરિવંસ-પુરાણ** રચ્યું છે તેમાં કોઈ સિંહનંદિએ અનુપ્રેક્ષાને અંગે કોઈ કૃતિ રચ્યાનો ઉલ્લેખ છે. આ સિંહનંદિ તે કોણ એ જાણવું બાકી રહે છે. વિશેષમાં એમની કૃતિની ભાષા વિષે પણ કાંઈ જાણવા મળ્યું નથી. આ કૃતિ આજે ઉપલબ્ધ છે કે નહિ એ પણ જાણવામાં નથી.

દિગંબરોનું કાનડી ભાષામાં સાહિત્ય છે. દા. ત. ઈ. સ. ૧૧૭૬થી ૧૨૩૧ના ગાળામાં કે એની આસપાસના સમયમાં થઈ ગયેલા બાલચન્દ્રે કુન્દકુન્દના ત્રણે ગ્રન્થો– **પવયણસાર** ઇત્યાદિ ઉપર તેમજ **પરમાત્મપ્રકાશ** (**પરમપ્પપયાસ**) અને તત્ત્વાર્થસૂત્ર ઉપર કાનડીમાં વૃત્તિ રચી છે. સવૃત્તિક ગણિતતિલકના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૧૭)માં મેં સૂચવ્યું છે કે રાજાદિત્યે (ઈ. સ. ૧૧૨૦) ગણિતને અંગે છ ગ્રન્થ કાનડીમાં રચ્યા છે, અને તેમાંના એકનું નામ **જૈનગણિતસૂત્રોદાહરણ** છે. આ ગ્રન્થની કોઈ હાથપોથી હોય તો તે મેળવવા હું આજે કેટલાંયે વર્ષોથી આતુર છું, પણ હજી સુધી તો મને એનો પત્તો પણ મળ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાનડી ભાષામાં બાર ભાવનાને અંગે લખાયું છે એમ ડૉ. ઉપાધ્યાયેનું કહેવું છે. એમણે આવી કૃતિનાં નામ આપ્યાં નથી. અન્ય કોઈએ આપ્યાં હોય તો તે જાણવામાં નથી. આ વિષયને લગતી કોઈ કાનડી કૃતિ શ્વેતાંબરને હાથે રચાયેલી હોય તો તે પણ જાણવામાં નથી. શ્વેતાંબરોની કાનડીમાં કે તામિલમાં કે એવી કોઈ [૬]ભાષામાં કૃતિઓ હોય તો તેની યાદી પ્રસિદ્ધ થવી ઘટે.

પ્રાચીન સમયમાં થઈ ગયેલા કોઈ શ્વેતાંબર વિદ્વાને બાર ભાવનાને અંગે સ્વતંત્ર કૃતિ પાઇયમાં કે સંસ્કૃતમાં રચી હોય એમ જણાતું નથી. **જૈન ગ્રન્થાવલી** (પૃ. ૧૮૦)માં **દ્વાદસભાવના** નામની એક કૃતિ નોંધાયેલી છે. એ સંસ્કૃતમાં છે અને એનું પ્રમાણ ૬૮૩ શ્લોક જેટલું છે એમ અહીં નિર્દેશાયું છે. એના કર્તાના નામનો કે સમયનો ઉલ્લેખ નથી. પાટણના ભંડારમાં એની હાથપોથી છે.

યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ **સર્વજ્ઞસિદ્ધિ** રચી છે. એના ૧૧મા પત્રમાં **ભાવનાસિદ્ધિ**નો ઉલ્લેખ કર્યો છે. જુઓ **અનેકાન્તજયપતાકા**ના બીજા ભાગનો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૨૯). આ કૃતિની ભાષા વિષે ખબર નથી. વિશેષમાં એમાં બાર ભાવનાઓ વિષે ઉલ્લેખ છે કે મત્રી ઇત્યાદિ ચાર ભાવનાઓ વિષે ઉલ્લેખ છે કે પછી પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ વિષે નિરૂપણ છે કે ધર્મધ્યાનાદિની ભાવનાનું આલેખન છે એ જાણવું બાકી રહે છે, કેમકે આ કૃતિ હજી સુધી ઉપલબ્ધ થઈ નથી. કરાળ કાળ એને સ્વાહા કરી ગયો હોય તો ના નહિ. આ સ્થિતિમાં શ્વેતાંબરની બાર ભાવનાને અંગેની સ્વતંત્ર કૃતિ કઈ એ પ્રશ્ન ઊભો રહે છે.

વિ. સં. ૯૬૨માં પૂર્ણ કરાયેલી **ઉપમિતિભવપ્રપંચાકથા** (પ્રસ્તાવ ૪)માં એના કર્તા સિદ્ધર્ષિએ બાર ભાવના વિષે ઉલ્લેખ કર્યો છે. ગુજરાતીમાં શ્રી. મો. ગિ. કાપડીઆએ આ હકીકત આના ભાષાંતર (પૃ. ૧૦૬૨-૩)માં રજૂ કરી છે.

મલધારી હેમચન્દ્રસૂરિએ પાઇયમાં **ભવભાવણા** ૫૩૧ ગાથામાં રચી છે, અને એના ઉપર વિ. સં. ૧૧૭૦માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે.[૭] આ સવૃત્તિક કૃતિ બે ભાગમાં ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા તરફથી વિ. સં. ૧૯૯૨માં અને ઇ. સ. ૧૯૩૮માં અનુક્રમે પ્રસિદ્ધ થઈ છે. સાતમી અને આઠમી ગાથામાં બાર ભાવનાનાં નામો છે. નીચે મુજબના ક્રમાંકવાળી ગાથાઓમાં આ બારે ભાવના પૈકી એકેકનું વિસ્તૃત વર્ણન છેઃ—

| ભાવના | ગાથાંક |
|---|---|
| અનિત્ય | ૧૯—૨૫ |
| અશરણ | ૨૬—૫૪ |

૬ જિનપ્રભસૂરિએ એક કૃતિ 'દ્રાવિડ' ભાષામાં રચ્યાનો "પત્તનસ્થ પ્રાચ્ય જૈન ભાંડાગારીય ગ્રન્થસૂચી" (પૃ. ૨૬૬)માં ઉલ્લેખ છે. તો આ કૃતિ જલદી પ્રસિદ્ધ થાય એવો પ્રબંધ કરવા જેવો છે.

૭ **આવસ્સય** (પત્ર ૧૭૧), **જીવાભિગમ** (પત્ર ૫), **પન્નવણા** (પત્ર ૫), **વિયાહપણ્ણત્તિ** (પત્ર ૫ અને ૪૨૦), **ઉપમિતિભવપ્રપંચાકથા** (પત્ર ૨) અને **પઉમચરિય** (૫૧૬) એમ છ કૃતિનો સાક્ષી તરીકે અહીં ઉલ્લેખ કરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| એકત્વ | ૫૫—૬૯ |
| અન્યત્વ | ૭૭—૮૧ |
| ભવ | ૮૨—૪૦૩[૮] |
| અશુચિત્વ | ૪૦૪—૪૨૫ |
| લોકસ્વભાવ | ૪૨૬-૪૩૦ |
| આસ્રવ | ૪૩૧-૪૪૨ |
| સંવર | ૪૪૩-૪૫૦ |
| નિર્જરા | ૪૫૧-૪૫૬ |
| ગુણરત્ન | ૪૫૭-૪૬૩ |
| બોધિ | ૪૬૪-૫૦૦ |

ભાવનાનું ફળ ૫૦૧માથી ૫૨૪મી ગાથા સુધીમાં દર્શાવાયું છે. સ્વોપજ્ઞ વૃત્તિમાં ભાવનાઓને અંગેનાં દષ્ટાંતો-ચરિત્રાદિ સંસ્કૃતમાં લંબાણથી અપાયાં છે.

"જયદેવ મુનિનું ભાવના સંધિપ્રકરણ" એ નામનો શ્રી. મધુસૂદન મોદીનો લેખ "ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરના ત્રૈમાસિક" (વર્ષ ૧૧, અં. ૧)માં છપાયો છે. આ લેખમાં શરૂઆતમાં 'અપભ્રંશ' વિષે ઊહાપોહ છે. પછી વ્યાકરણદૃષ્ટિએ ચર્ચા છે. ત્યારબાદ છંદ વિષે ઉલ્લેખ છે. આના પછી સીનોરની હાથપોથીને આધારે આ 'અપભ્રંશ' [૯]કૃતિ સંસ્કૃત છાયા સાથે અપાયેલી છે. અંતમાં શબ્દકોશ છે. આ નાની કૃતિમાં એકંદર બાસઠ પદ્યો છે. સમગ્ર કૃતિ છ કડવામાં રચાયેલી છે. દરેક કડવામાં દસ દસ પદ્યો છે. છેલ્લા કડવામાં અંતમાં એક વધારે પદ્ય છે. એવી રીતે પહેલા કડવામાં શરૂઆતમાં પ્રાર્થના-રૂપે એક પદ્ય છે. પાંચમા પદ્યમાં 'માલવનરિંદુ' એવો જે પ્રયોગ છે તે ઉપરથી મુંજ અને વિલાસવતીને ઉદ્દેશીને આ હકીકત છે એમ શ્રી મોદી કહે છે. મુંજનું અવસાન વિ. સં. ૧૦૫૪માં થયું છે. આ તેમજ આ કૃતિની ભાષા વિચારતાં શ્રી મોદી આ કૃતિને તેરમી ચૌદમી સદીની કૃતિ ગણે છે.

કર્તાએ અંતમાં કહ્યું છે કે એઓ શિવદિવસૂરિ (શિવદેવસૂરિ)ના પ્રથમ શિષ્ય છે. એમનું નામ જયદેવ છે. એઓ મુનિ છે. કર્તાએ આ કૃતિને ભાવણસંધિ કહી છે. ૧૧મા પદ્યમાં 'બાર ભાવના' એવો ઉલ્લેખ છે. કર્તાએ આ ભાવનાઓ અનુક્રમે વર્ણવી નથી.

શ્રી મધુસૂદને પ્રારંભમાં કહ્યું છે કે આયાર (સુય૦ ૨, ચૂ. ૩)માં બાર ભાવનાઓ ગણાવાઈ છે. આમ કહી એમણે નીચે મુજબનાં બે પદ્યો સંસ્કૃત છાયા સહિત આપ્યાં છે:—

" पढममणिच्चमसरणं संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव संवरो य तह निज्जरा नवमा ॥

---

૮ નરકભવ, તિર્યગ્ભવ, મનુષ્યભવ અને દેવભવ વિષે આ. ૮૨-૧૭૮, ૧૭૯-૨૫૦, ૨૫૧-૩૨૫ અને ૩૨૬-૪૦૩માં વિસ્તૃત ઊહાપોહ છે.

૯ આ કૃતિ ફરીથી પ્રસિદ્ધ થાય તો કેમ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोगसहावो बोहि य दुछहा धम्मसाहओ अरहा ।
एयाइं हुंति बारस जहकम्मं भावणीयाओ ॥ "

આ સંબંધમાં [10]અભિધાનરાજેન્દ્ર ( ભા. ૫ ) જોતાં જણાયું કે 'ભાવના' વિષેની એક બાબતની નોંધ લીધા પછી તેના મૂળ તરીકે આયાર ( સુય. ૨, ચૂ. ૩) નો ઉલ્લેખ છે. એને આ ગાથાનું મૂળ સમજવાની મંજુસ્દને ભૂલ કરી છે. આ ગાથાઓના મૂળ વિષે તપાસ કરતાં એ મને નેમિચન્દ્રસૂરિકૃત પવયણસારુદ્ધારમાં ૫૭૨મી અને ૫૭૩મી ગાથા તરીકે મળી આવે છે. એમાં नवमा ને બદલે नवमी, दुल्लहा ને બદલે दुलहा, धम्मसाहओ ને સ્થાને धम्मस्स साहओ અને एयाइं ને બદલે एयाउ એમ પાઠભેદ છે. धम्मसाहओ એટલે ધર્મના કરનાર. બારમી ભાવના તરીકે અહીં ધર્મના કહેનાર અરિહંતનો–તીર્થંકરનો ઉલ્લેખ છે.

પવયણસારુદ્ધાર ઉપર સિદ્ધસેનસૂરિએ વિ સં. ૧૨૪૮ ( કરિ–સાગર–રવિ ) માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એ ઉપરથી નેમિચન્દ્રસૂરિના સમયનો કંઈક ખ્યાલ આવે છે. આ વૃત્તિમાં બાર ભાવનાનું સ્વરૂપ પદ્યમાં આલેખાયું છે. એ ભાવનાનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૮, ૫, ૯, ૪, ૨, ૬, ૯, ૯, ૬, ૫૯, ૫ અને ૧૦ છે. આમ એકંદર ૧૩૫ પદ્યો છે અને લોકસ્વભાવભાવનાને અંગેનાં પદ્યોની સંખ્યા વિશેષતઃ અધિક છે.

ચૌદ ગાથામાં ગૂંથાયેલી નવતત્તપયરણના ઉપર નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિએ પાઇયમાં ભાસ ( ભાષ્ય ) રચ્યું છે. એમાંની ૮૪મી અને ૮૫મી ગાથા સાથે ઉપર્યુક્ત બે પદ્યોની લગભગ સમાનતા છે. ફક્ત ૮૫મી ગાથાના અંતમાં जहकम्मं भावणीयाओ ને બદલે अनुपेहाओ जिणुद्दिट्ठा એવો પાઠભેદ છે. આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે ઉપર્યુક્ત ગાથાનો મૂળ કર્તા કોણ છે ?

નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય પ્રસન્નચન્દ્રસૂરિનાં ચરણકમળના સેવક અને ઉપાધ્યાય સુમતિના શિષ્ય દેવભદ્રસૂરિએ સંવેગરંગસાલારાહણસત્થ (સંવેગરંગશાલારાધનશાસ્ત્ર), વીરચરિય (વીરચરિત્ર) અને કહારયણકોસ (કથારત્નકોશ) રચ્યાં છે. વિશેષમાં આ સૂરિએ વિ. સં. ૧૧૬૮માં પાસનાહચરિય ( પાર્શ્વનાથચરિત્ર ) રચ્યું છે. એના ૫૧માથી ૫૬મા સુધીનાં પત્રમાં બાર ભાવનાનું પાઇયમાં ગદ્યમાં વિસ્તારથી સ્વરૂપ આલેખાયું છે. ત્યારબાદ ૫૬મા અને ૫૭મા પત્રમાં પદ્યમાં બાર ભાવના પૈકી પ્રત્યેકનું ફળ દર્શાવાયું છે. એને અંગે એકંદર ચૌદ પદ્યો છે.

સોમપ્રભસૂરિએ [11]વિ. સં. ૧૨૪૧માં કુમારવાલપડિબોહ મુખ્યતયા મરહટ્ઠીમાં રચેલ છે. એના ત્રીજા પત્થાવ (પ્રસ્તાવ)ના પૃ. ૩૧૧–૩૧૨માં બાર ભાવનાની આછી રૂપરેખા પદ્યમાં 'અપભ્રંશ' (અવહટ્ઠ) ભાષામાં આલેખાઈ છે.

ઉપાધ્યાય વિનયવિજયે 'ગંધપુર' નગરમાં વિ. સં. ૧૭૨૧માં સોળ પ્રકાશોમાં શાન્તસુધારસ નામનો ગ્રંથ સંસ્કૃતમાં ૨૩૪ પદ્યમાં રચ્યો છે, અને એના ઉપર વૃત્તિ-

૧૦ આમાં ભાવનાઓના નિક્ષેપ ઇત્યાદિ બાબતો છે.

૧૧ આ જ વર્ષમાં શાલિભદ્રસૂરિએ ભરહેસરબાહુબલિરાસ (ભરત–બાહુબલિ–રાસ) રચ્યો છે. ઉપલબ્ધ ગુજરાતી સાહિત્યમાં આ સૌથી પ્રાચીન કૃતિ ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયના શિષ્યાણુ ગંભીરવિજયે સંસ્કૃતમાં વિ. સં. ૧૯૬૮માં ટીકા રચી છે. આ જૈન ધર્મ પ્રસારક સભા તરફથી વિ. સં. ૧૯૬૯માં બહાર પડેલ છે. વિશેષમાં આ મૂળ ગ્રંથ મોતીચંદ ગિ. કાપડીઆના ગુજરાતી વિવેચન સહિત બે ભાગમાં આ સભા તરફથી વિ. સં. ૧૯૯૪માં પ્રકાશિત થયેલો છે. આ ગ્રંથના પહેલા બાર પ્રકાશમાં અનિત્યત્વાદિ બાર ભાવનાનું સ્વરૂપ અને અંતમાં 'બ્રહ્મવિહાર' તરીકે બૌદ્ધ સાહિત્યમાં સુપ્રસિદ્ધ મૈત્રી ઇત્યાદિ ચાર ભાવનાનું સ્વરૂપ આલેખાયું છે. આ ગ્રંથની વિશિષ્ટતા એ છે કે દરેક પ્રકાશના અંતમાં 'ગેયાષ્ટક' છે. અને એ જયદેવકૃત ગીતગોવિન્દનું સ્મરણ તાજું કરે છે. બીજા ભાગના અંતમાં ગ્રંથપરિચય વગેરે અપાયેલ છે. તેમાં પૃ. ૨૬માં સોળે ગેયાષ્ટકના રાગ-રાગિણીની નોંધ છે.પૃ.૧૩માં બાર ભાવનાના વિભાગો દર્શાવાયા છે, જેમકે સંસાર-ભાવના અને લોકસ્વરૂપ-ભાવના એ બે બાહ્ય અવલોકન કરાવનારી (objective) છે. અનિત્યતા, અશરણતા, એકત્વ, અન્યત્વ અને અશુચિત્વ એ પાંચ ભાવના આંતરગ્રાહી (subjective) છે. બોધિદુર્લભતા અને ધર્મ એ ભાવના સ્વરૂપલક્ષી-સાધનધર્મલક્ષી (instrumental) છે, જ્યારે આસવ, સંવર અને નિર્જરા એ ત્રણ ભાવનાઓ આત્માની વર્તમાન સ્થિતિને (evolutionary stage of development) સમજાવે છે. આ રીતે જોતાં ભાવનાઓ આંતર-લક્ષી અને અવાંતરલક્ષી છે. બીજા પૃષ્ઠમાં બાર ભાવનાઓનો, ધર્મનું અનુસંધાન કરાવનાર તરીકે ઉલ્લેખ છે. ત્રીજા પૃષ્ઠમાં એનો ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાના હેતુ તરીકે નિર્દેશ છે.

જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૬૧૯)માં વિ. સં. ૧૫૯૫ પહેલાં કોઇકે ૯૪ કડીમાં બાર ભાવના વિષે રચના કરી છે.

જૈ. ગૂ. ક. (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૬૪૧)માં વિદ્યાધરે રચેલી બાર ભાવનાની કૃતિ વિષે ઉલ્લેખ છે.

**સજ્ઝાય**—ભીમશી ભીમસિંહ માણેક તરફથી ઈ. સ. ૧૮૯૨માં જે સજ્ઝાયમાળા (ભા. ૧) પ્રસિદ્ધ થયેલ છે તેમાં [12]જશસોમના શિષ્ય જયસોમે તેર ઢાલમાં ગુજરાતીમાં રચેલી "બાર ભાવનાની સજ્ઝાય" છે. એનો રચનાસમય નીચે પ્રમાણે કર્તાએ નિર્દેશ્યો છે:—

"ભોજન નભ મુનિ વરસ શુચિ સિત તેરસ કુંજવાર"

આમ આ સજ્ઝાય વિ. સં. ૧૭૦૩માં ચૈત્ર સુદ તેરસ ને મંગળવારે રચાયેલી છે. આ સજ્ઝાયપદસંગ્રહ (પૃ. ૯૭-૧૧૪)માં પણ છપાયેલ છે. જૈ. ગૂ. ક. (ખંડ ૩, પૃ. ૧૧૮૨)માં આ કૃતિને બાર ભાવનાવેલિ કહેલી છે. 'સકળ' એવા નામોલ્લેખવાળી એવી પણ એક બીજી બાર ભાવનાની સજ્ઝાય છે. આ ઉપરથી એના કર્તા સકળચન્દ્ર છે એમ કહેવાય છે, પણ એમના ગચ્છ, સમય ઇત્યાદિ વિષે કોઇ ઉલ્લેખ જાણવામાં નથી. આ સજ્ઝાય છપાયેલી છે.

---

૧૨ વિ. સં. ૧૭૧૬માં 'તપાગચ્છના સોમવિમલસૂરિના શિષ્ય હર્ષસોમના શિષ્ય જશસોમના શિષ્ય જયસોમે છ કર્મગ્રન્થ ઉપર બાલાવબોધ રચ્યો છે અને એ પ્રકરણ રત્નાકર (ભા. ૪)માં છપાયો છે. જુઓ જૈ. સા. સં. ઈ. (પૃ. ૬૬૨).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપણે આધુનિક સમયનો વિચાર કરીશું. સ્વ. 'શાસ્ત્રવિશારદ' જૈનાચાર્ય વિજયધર્મસૂરિજીના વિદ્વાન્ વિનેય સ્વ. ઉપાધ્યાય મંગળવિજયજીએ **જૈનતત્ત્વપ્રદીપ**ના પાંચમા ઉલ્લાસમાં બાર ભાવનાનાં લક્ષણો સંસ્કૃતમાં આપ્યાં છે. આ લઘુ કૃતિને અંગે મેં જે વિસ્તૃત વિવેચનાત્મક **આર્હતદર્શનદીપિકા** ગુજરાતીમાં રચી છે તેમાં પૃ. ૧૦૮૩–૧૦૯૦માં મેં બાર ભાવના વિષે કેટલોક ઊહાપોહ કર્યો છે.

જૈનાચાર્ય શ્રી. વિજયલબ્ધિસૂરિજીએ વિ. સં. ૧૯૮૨માં બુહારીમાં **વૈરાગ્ય-રસમંજરી** સંસ્કૃતમાં પદ્યમાં રચી. વિ. સં. ૧૯૮૫માં મેં એ ફરીથી સંપાદિત કરી. આ બીજી આવૃત્તિના ચતુર્થ ગુચ્છકમાંના શ્લો. ૧૬૩–૩૩૩માં બાર ભાવનાનું સ્વરૂપ વિસ્તારથી આલેખાયું છે. સમગ્ર કૃતિનો મેં ગુજરાતી અનુવાદ કર્યો છે અને સાથે સાથે સ્પષ્ટીકરણ પણ આપ્યું છે. આ બીજી આવૃત્તિનાં પૃ. ૨૧૨–૨૮૪માં બાર ભાવનાને અંગેનું મારું ગુજરાતી લખાણ છપાયું છે.

ગોપાલદાસે ગુજરાતીમાં તૈયાર કરેલા **યોગશાસ્ત્ર** (પૃ. ૯૨–૧૦૬)માં બાર ભાવનાનું સ્વરૂપ આલેખાયું છે. **તત્ત્વાર્થસૂત્ર**ના પં. સુખલાલજીનાં ગુજરાતી અને હિન્દી વિવેચનો તે તે ભાષમાં આ સ્વરૂપ સંક્ષેપમાં રજૂ કરે છે.

ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજીએ સંસ્કૃતમાં પદ્યમાં **અધ્યાત્મ-તત્ત્વાલોક** રચ્યો છે. એનો એમણે ગુજરાતીમાં અનુવાદ આપ્યો છે, સાથે સાથે વિવરણ પણ આપ્યું છે. વિશેષમાં મોતીચંદ ઝવેરચંદ મહેતાએ આ કૃતિનો અંગ્રેજી અનુવાદ કર્યો છે અને અંગ્રેજીમાં સ્પષ્ટીકરણ આપ્યું છે. આ કૃતિના પાંચમા પ્રકરણના ૨૨માથી ૩૬મા પદ્યમાં બાર ભાવનાનું સ્વરૂપ સંસ્કૃતમાં છે, જ્યારે પૃ. ૬૬૬–૬૮૩માં એ સ્વરૂપ અંગ્રેજીમાં તેમજ ગુજરાતીમાં છે.

ન્યા. વિ. ન્યા. તી. મુનિ શ્રી ન્યાયવિજયજીએ **અધ્યાત્મતત્ત્વાલોક**ના રૂપાન્તર તરીકે પાઇયમાં **અજ્ઝત્તતત્તાલોઅ** એના અંગ્રેજી અનુવાદ સહિત રચેલ છે. એના પાંચમા પયરણ (પ્રકરણ)માંનાં ૨૧માથી ૩૭મા સુધીનાં પદ્યો બાર ભાવનાનું સ્વરૂપ પૂરું પાડે છે.

આ પ્રમાણે અહીં મેં બાર ભાવનાને અંગે નાની કે મોટી કૃતિ–(પછી એ સ્વતંત્ર હો કે કોઈ ગ્રન્થના વિભાગરૂપ હો) નોંધી છે એટલે હવે આ તમામ કૃતિની અકારાદિ ક્રમે અહીં સૂચિ આપું છું; જેથી કોઈ ખાસ પ્રૌઢ કૃતિઓ ઉમેરવાની રહી જતી હોય તો તે જાણવાનું અને સૂચવવાનું સુગમ થઈ પડેઃ—

| નામ | ભાષા | કર્તા | રચનાસમય |
|---|---|---|---|
| અજ્ઝત્તતત્તાલોઅ | મરહટ્ટી | ન્યાયવિજય | ઇ. સ. ૧૯૩૮ |
| ,, નો અનુવાદ | અંગ્રેજી | ,, | ,, ,, |
| અધ્યાત્મતત્ત્વાલોક | સંસ્કૃત | ,, | ઇ. સ. ૧૯૨૦ |
| ,, નો અનુવાદ | ગુજરાતી | ,, | ,, ,, |
| ,, ,, ,, ઇત્યાદિ | અંગ્રેજી | મો. ઝ. મહેતા | ,, ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| [13]अनाथ मुनिनी सज्झाय | गुजराती | समयसुंदरगणि | विक्रमनी १७मी सदी |
| ,, ,, ,, | ,, | राम | विक्रमनी १७मी (?) सदी |
| आर्हतदर्शनदीपिका | ,, | ही. र. कापडिया | वि. सं. १९८८ |
| उत्तरज्झयण | अद्धमागहो | बहुश्रुतो | वीरसंवत् १७० करतां पहेलां |
| ,, नी वृत्ति | संस्कृत | नेमिचन्द्रसूरि | वि. सं. ११२९ |
| उपमितिभवप्रपंचाकथा | संस्कृत | सिद्धर्षि | वि. सं. ९६२ |
| नुं भाषान्तर | गुजराती | मो. गि. कापडीआ | ई. स. १९२४ |
| कुमारपालपडिबोह | [14]"अपभ्रंश" | सोमप्रभसूरि | वि. स. १२४१ |
| ,, नो अनुवाद | गुजराती | [15]अज्ञात | वि. सं. १९८३ |
| जैन तत्त्वप्रदीप | संस्कृत | मंगलविजय | वि. सं. १९७१ |
| ज्ञानार्णव | संस्कृत | शुभचंद्र | वि. नी ११मी सदी |
| ठाण | अद्धमागही | सुधर्मस्वामी | ई. स. पूर्वे ५५७ |
| तत्त्वार्थसूत्र | संस्कृत | उमास्वाति | ई. स. नी पहेली सदी |
| ,, नी टीका | ,, | सिद्धसेनगणि | ई. स. नी आठमी सदी |
| ,, नुं भाष्य | ,, | उमास्वाति | ई. स. नी पहेली सदी |
| ,, नुं विवेचन | गुजराती | सुखलाल | ई. स. १९३० |
| ,, ,, | हिन्दी | ,, | वि. सं. १९८६ |
| द्वादश भावना | संस्कृत | अज्ञात | ? |
| द्वादशानुप्रेक्षा (?) | ? | सिंहनंदि | धवल करतां पहेलां |
| नवतत्तपयरण भास | मरहट्ठी | अभयदेवसूरि | विक्रमनी बारमी सदी |
| पवयणसारुद्धार | मरहट्ठी | नेमिचन्द्रसूरि | वि. सं. १२४८ पहेलां |
| ,, नी वृत्ति | संस्कृत | सिद्धसेनसूरि | वि. सं. १२४८ |
| पासनाहचरिय | मरहट्ठी | देवभद्रसूरि | वि. सं. ११६८ |
| प्रशमरति | संस्कृत | उमास्वाति | ई. स. नी पहेली सदी |
| ,, नी अवचूर्णि | ,, | अज्ञात | ? |
| ,, नी टीका | ,, | हरिभद्रसूरि | वि. सं. ११८५ |
| बार भावना | गुजराती | अज्ञात | वि. सं. १५९५ पहेलां |
| ,, ,, | ,, | विद्याधर | विक्रमनी सोळमी सदी |
| बार भावनानी सज्झाय (बार भावनावेली) | ,, | जयसोम | वि. सं. १७०३ |
| बार भावनानी सज्झाय | ,, | सकल (चंद्र ?) | विक्रमनी १८मी (?) सदी |
| बारस अणुवेक्खा | सोरसेणी | कार्तिकेय | ई. स.नी आठमी सदी |
| ,, ,, | ,, | कुंदकुंद | ई. स.नी पहेली सदी |

१३ एमने उद्देशीने चोपाई वगेरे पण छे.

१४ प्रस्तुत भाग पूरतो आ उल्लेख समजवानो छे.

१५ नाम जाणवामां नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ભગવતી–આરાધના | સોરસેણી | શિવાર્ય | ઈ. સ. છઠ્ઠી (૧) સદી |
| ભવભાવણા | મરહટ્ઠી | મલ. હેમચન્દ્રસૂરિ | વિ. સં. ૧૧૭૦ કે પહેલાં |
| ,, ની વૃત્તિ | ,, | ,, ,, | વિ. સં. ૧૧૭૦ |
| ભાવણુસંધિ | અવહટ્ટ | જયદેવ | ઈ. સ.ની ૧૩મી–૧૪મી સદી |
| ભાવનાસિદ્ધિ | સંસ્કૃત | હરિભદ્રસૂરિ | વિ. સ. ૭૫૭–૮૨૭ |
| મરણસમાહિ | અદ્ધમાગહી | અજ્ઞાત | ઈ. સ.ની પાંચમી સદી પૂર્વે |
| મૂલાચાર | સોરસેણી | વટ્ટકેર | ઇ. સ.ની પહેલી સદી |
| ,, ની વૃત્તિ (આચારવૃત્તિ) | સંસ્કૃત | વસુનંદિ | ઇ. સ.ની ૧૦મીથી ૧૪મી સદીનો ગાળો |
| યોગશાસ્ત્ર | સંસ્કૃત | હેમચન્દ્રસૂરિ | વિક્રમની ૧૨મી સદી |
| ,, ની વૃત્તિ | ,, | ,, | ,, ,, ,, |
| ,, નો અનુવાદ | ગુજરાતી | ઓ. જી. પટેલ | ઈ. સ. ૧૯૩૮ |
| વૈરાગ્યરસમંજરી | સંસ્કૃત | વિજયલબ્ધિસૂરિ | વિ. સં. ૧૯૮૨ |
| ,, નું સ્પષ્ટીકરણ | ગુજરાતી | હી. ર. કાપડિયા | ઈ. સ. ૧૯૩૦ |
| શાન્તસુધારસ | સંસ્કૃત | વિનયવિજયગણિ | વિ. સં. ૧૭૨૧ |
| ,, ની ટીકા | ,, | ગંભીરવિજય | વિ. સં. ૧૯૯૪ |
| સૂયગડ | અદ્ધમાગહી | સુધર્મસ્વામી | ઈ. સ. પૂર્વે ૫૫૭ |

આમ બાર ભાવનાઓને અંગેના સાહિત્યની સૂચિ પૂરી થાય છે એટલે આ ભાવનાઓ વડે અવિશ્રાંતપણે મનને સુવાસિત કરનારી વ્યક્તિ નિર્મમત્વ પ્રાપ્ત કરી સર્વ ભાવોમાં સમતાને પામે છે, વિષયોથી વિરક્ત બને છે અને એના કષાયો ક્ષીણ થાય છે તેમજ એના સમ્યક્ત્વરૂપ દીપકનો પ્રકાશ આનંદદાયક બને છે એમ ભાવનાઓનું જે અનુપમ ફળ યોગશાસ્ત્ર (પ્ર. ૪, શ્લો. ૨૬–૩૩)માં સૂચવાયેલું છે તે મેળવવા સૌ કોઈ ભાગ્યશાળી થાઓ એમ ઇચ્છતો હું વિરમું છું.

ગોપીપુરા, સુરત, તા. ૧૧–૧૦–૪૮

## મુનિરાજ શ્રી આણંદવર્ધનજી વિરચિત
## ત્રેસઠ શલાકાપુરુષઆયુષ્યાદિ બત્રીસ સ્થાનક વિચારગર્ભિત સ્તવન

સં૦–પૂજ્ય મુનિમહારાજ શ્રી રમણિકવિજયજી

ગોયમ ગણહર પય નમેવિ તિત્થયર ચઉવીસઇ,
બાર ચક્કીસર વાસુદેવ નવ પણયાલીસઇ;
અંતર આઉં દેહમાન અવસરપણી કાલંઈ,
ત્રીજઇ સૂસમ દૂસમારઇં તિહાં રિષભ થયા લઈ;
ન્યાન વિન્યાન પ્રકાસીઆં એ ભરહચક્કીસર શાખ,
ધનુષ પાંચસઈ દેહ પુવ્વ આઉ ચઉરાસી લાખ. ૧
લાખકોડિપંચાસ અયર અંતરઇ અરિહંત,
અજિત સગર ચક્કીસ મધ્ય અર ચઉથા અંત;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનુષચ્યાર શત સાઢ લખ બહુત્તરિ પુવ્વાઉં,
અંતર સાગર ત્રીસ કોડિ લખ્ખ સંભવ ધ્યાઉં;
ધનુષ ચ્યારસઈ દેહ પુણુ સાઠિ પૂરવ લક્ષ્મ આય,
સાગર અંતરિ કોડિ લખ દસ અભિનંદન રાય. ૨

રાય ચઉત્થ ધનુષ ત્રિણિ શત સાઢ સુકાયા,
પૂરવ લાખ પંચાસ આયુ નવ કોડિ સિલાયા;
અંતરિ સાગર સુમતિનાથ ધનુષ કાયા ત્રિણ સઈ;
ચ્યાલીસ લખ પુવ્વાયુસાર નેઉ કોડી સહસઈં;
પદમપ્રભ ઇણુંઇ અંતરિ એ ધનુષ બિસિં પંચાસ,
પુવ્વાઉં લખ ત્રીસ નવે કોડિ સહસિ સુપાસ. ૩

પાસન સારંગ બિસિં કાય વીસ પુવ્વ લક્ખાઉં,
નવસઈં સાગર અંતરાલિ ચંદ્રપ્રભ ગાઉં;
દોઢ ધનુષ સય પુવ્વ લકખ દસ આયસ અંતર,
નેઊ કોડિ સાગર સુવિધિ સય ધનુષ જિનેસર;
પુવ્વાઉં લકખ દોઇ જિહાં અયરંતરિ નવ કોડિ,
સીતલ સામી નેઊ ધનુષ પુવ્વ લકખક જોડી. ૪

જોડિ ન અંતર કોડિ એક સાગર સય ઊણે,
છાસઠિ લાખ છવ્વીસ સહસ વત્સર પુણુ ખી(ખી)ણે;
જિનશ્રેયાંસ ત્રિપિષ્ઠ પઢમ કેશવ ધનુ અસીઆ,
આયુસ માણુ વરસ લાખ જિન હરિ ચઉરાસીઆ;
ચઉપન સાગર અંતરિ એ વાસુપૂજ્ય જિનરાય,
વાસુદેવ દ્વિપિષ્ઠ બીય ધનુષ સત્તરિ જસ કાય. ૫

સાયર અંતરિ ત્રીસ વિમલ સામી હરિ સયંભૂ,
સાઠિ ધનુષ લખ સાઠિ વરસ આયુ રજજ કસંભૂ;
નવ સાગર અંતરિ અનંત પુરિસોત્તમ કેશવ,
દેહ ધનુષ પંચાસ તીસ લખ વત્સરિ જે સિવ;
અંતર ચિહું સાગર હૂઆ એ ધર્મનાથ નરસીહ,
હરિજિન પણુ યાલીસ ધનુ દશ લખ વત્સર દીહ. ૬

દીહ ન સાગર ત્રિણિ માઝ પાઉ પલ્યિ ઊણા,
માહવ ચક્કી ધણુ બયાલ પણુ વરસ લખીણા;
ચઉથો સનતકુમાર ચકકી એકતાલી સારંગ,
તિન્નિ લખ વરસાઉ જેહ પુવ્વંતરિ પારંગ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિનાથ જિન સોલમો એ ચક્કીસર પણુ હોઇ,
ધનુ ચ્યાલીસ લકખાયુ ગય આધ પલ્યોપમ હોઇ. ૭

હોઈ અંતર કુંથુનાથ ચક્કીસર સોઇ,
કાય ધનુષ પાંત્રીસ સહસ પંચાણુઉં હોઈ;
આયુ વરસ અંતરિ અપલ્ય પુણું અયરાસી,
જિન ચક્કી ધનુ ત્રીસ આયુ વર્ષ સહસ ચઉરાસી;
વરસ કોડિ સહસાણુ મઝિ હરિ બિહુંમાંહિ ચક્કીક,
ઓગણુત્રીસ સઉ ધનુ હરિ નામિ નર પુંડરીક. ૮

પુંડરીક પાંસઠિ સહસ પરમાયુ સંવચ્છર,
અઠાવીસ ધનુ સુભૂમ ષટ્ખંડ ચક્કીસર;
સાઠિ સહસ વર્ષાયુ તાસ પુણુદત્ત સકેશવ,
ધનુષ છવ્વીસઇ વર્ષ સહસ છપન્ન તે સિવ;
મલ્લિનાથ ઓગણીસમો એ કોડિ સહસ વરસેણુ,
ધનુષ પણુવીસઈ રાજક્રીય સહસ પંચાવન જેણુ. ૯

જેણુંતરિં ચઉપન્ન લાખ મુનિસુવ્રત સામી,
મહાપદમ ચક્કવઇ બેઉ ધનુ વીસ સઈ મામી;
ત્રીસ સહસ વરસાયુ લખ ષટવરસાં માહિઈ,
નામ નારાયણુ ધનુષ સોલ વર્ષ બાર સહસાઈ;
જિન શ્રી નમિ એકવીસમો એ કેશવ શ્રી હરિસેણુ,
ધનુષ પનર વર્ષ સહસ દશ રાજ કિદ્ધ બિહું તેણુ. ૧૦

તેણુંતરિ પંચ લાખમાહિં જય નામા ચક્કી,
ધનુષ બાર વર્ષ સહસ ત્રિણ્િ જસ પુહવી થકી;
નેમિનાથ કૃષ્ણુાવસાન દસ ધનુષ પ્રમાણુા,
સહસાઉં જિન વાસુદેવ આસી સહસાણુા;
સાતસઈ સાઢાંતરિ એ વરસમાંહિ બ્રહ્મદત્ત,
ધનુષ સાત ચક્કી સભૂય આયુ વરસ સઈ સત્ત. ૧૧

શત વરસાઉં પાસનાહ દસ હાથ શરીરઈં,
અંતરિ અઢીસઈ વરસ વઉલિ જિન શ્રી મહાવીરઈં;
બહુત્તરિ વરસાં આયુ પાલિ કર કાયા સપતે,
કસમલ જાઈ જન્મકોડિ તીર્થંકર જપતે;
હરિ પ્રતિબલ જિન ચક્કવઇ એ જીવ થયા ગુણુસઠિ,
શ્રી આણુંદવર્દ્ધન ઈમ કહઈ પુરુષ સિલાક ત્રિસઠિ. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાર્શનિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રી. સિદ્ધસેનદિવાકરજીની ૧૯મી દ્વાત્રિંશિકાનું એક અધિક મળી આવેલું પદ્ય

લેખકઃ–પૂજ્ય મુનિમહારાજ શ્રી. જંબૂવિજયજી

ભગવાન શ્રી. દિવાકરજીની દ્વાત્રિંશિકાઓના સૌ કોઈ અભ્યાસીઓ સારી રીતે જાણે છે કે એ કેટલી બધી અતિગૂઢ અને અતિગહન છે. એનો અર્થ ઉકેલતાં અભ્યાસીઓને અનેક સ્થળે મહાકષ્ટનો અનુભવ થાય છે. જો શુદ્ધ કારિકાઓમાં પણ અર્થપરિજ્ઞાન માટે આ જાતનું કષ્ટ અનુભવવું પડે તો જ્યાં પાઠોની અશુદ્ધિ હોય ત્યાં આ જાતની પારાવાર મુશ્કેલી અનુભવવી પડે એમાં શું આશ્ચર્ય ? ન્યાયાવતારને બાદ કરતાં બીજી દ્વાત્રિંશિકાઓ ઉપર ટીકાગ્રંથો પણ રચાયેલા નથી કે જેના આધારે પાઠશુદ્ધિ તથા અર્થપરિજ્ઞાન સહેલાઈથી કરી શકાય કદાચ કોઈ પૂર્વાચાર્યોએ એ ટીકાગ્રંથોની રચના કરી હશે તો પણ અત્યારે તો એ સર્વથા અજ્ઞાત અને અપ્રાપ્ય જ છે. વળી આવા ગૂઢ ગ્રંથોમાં પ્રમાણભૂત આધારથી પાઠશુદ્ધિ કરવામાં આવે તો જ સફળતાની અધિક સંભવના રહે છે. નહિતર માત્ર અમુક પ્રકારની વિચારણાના બળે જ જો પાઠશુદ્ધિ કરવામાં આવે તો પાઠશુદ્ધિ કરવા જતાં આપણા હાથે અશુદ્ધ પાઠોમાં ઉમેરો જ ઘણી વાર થઇ જાય છે. આથી આવા ગ્રંથોની હસ્તલિખિત પ્રતિઓ જ્યાં જ્યાંથી મેળવી શકાય ત્યાં ત્યાંથી શોધી શોધીને મેળવીને તેમાંથી શુદ્ધ પાઠોને તારવી કાઢવા એ પાઠશુદ્ધિ કરવાનો ઉત્તમ માર્ગ છે.

અમે ગયા વર્ષે પુના હતા ત્યારે શ્રુતજ્ઞાનના અખંડ ઉપાસક પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સા.નો આ હેતુથી એક પત્ર આવ્યો કે "ત્યાં પુનામાં ભાંડારકર પ્રાચ્યવિદ્યામંદિર (Bhandarkar Oriental Institute)માં શ્રી સિદ્ધસેનદિવાકરજી-પ્રણીત દ્વાત્રિંશિકાઓની એક તાડપત્ર ઉપર લખાયેલી પ્રાચીન પ્રતિ છે. જૈનધર્મ પ્રસારક સભા (ભાવનગર) તરફથી પ્રકાશિત મુદ્રિત પ્રતિની તેની સાથે તુલના કરીને તેમાંથી તમારે પાઠાંતરો લઈ લેવા." આ પત્ર વાંચી એ પ્રતિ મેળવવા માટે મેં પ્રયાસ કર્યો, પરંતુ સંસ્થાના સંચાલકો તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથોને સંસ્થાના મકાન બહાર આપતા નથી એટલે ત્યાં જઈને જ મેં પાઠાંતરો લેવાની શરૂઆત કરી.

પાઠાંતરો લેતાં શુદ્ધ અને અશુદ્ધ એમ બંને પ્રકારના પાઠાંતરો મને તેમાં મળતા હતા. તેમાં એવા સુંદર અનેક શુદ્ધ પાઠો પણ મને મળવા લાગ્યા કે પ્રયત્નની સફળતાથી તથા ગ્રંથની શુદ્ધિ થવાથી મને ખૂબ આનંદ થતો હતો. પરંતુ જ્યારે ૧૯મી બત્રીશીના પાઠાંતરો લેતો હતો તે સમયે તો મારા આનંદનો પાર જ ન રહ્યો. મુદ્રિતમાં નહિ છપાયેલું એક આખું પદ્ય જ મને એમાંથી અધિક મળી આવ્યું. મુદ્રિત ૧૯મી દ્વાત્રિંશિકામાં કુલ ૩૧ પદ્યો છે તેમાં ૧૧મું પદ્ય નીચે પ્રમાણે છપાયેલું છેઃ–

परस्परस्पृष्टगतिर्भावनापचयाध्वनिः । बद्धस्पृष्टगमद्व्याद्स्निेहरौक्ष्यातिशायनात् ॥११॥

ભાંડારકર સંસ્થાની તાડપત્રપ્રતિમાં આ સ્થળે બે કારિકાઓ છે, અને તેનો ક્રમ નીચે મુજબ છેઃ–

परस्परस्पृष्टगतिर्भावनापचयाध्वनिः । स्पृष्टग्राह्यश्रुते सम्यगर्थभावोपयोगतः ॥११॥

संघात-भेदो-भयतः परिणामाच्च संभवः । बद्धस्पृष्टगम(सम)द्व्याद्स्निेहरौक्ष्यातिशायनात्॥१२॥

ભાંડારકર સંસ્થાની પ્રતિ સિવાય બીજી હસ્તલિખિત પ્રતિમાં આ કારિકા જોવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી આવતી. તેથી આ એક મહત્ત્વની પ્રાપ્તિ છે. આ કારિકા ઉમેરવાથી દ્વાત્રિંશિકાની કારિકાઓની ૩૨ની સંખ્યા પણ પરિપૂર્ણ થઈ જાય છે.

પ્રતિ સંપૂર્ણ જ છે; પણ તેમાં પ્રારંભની ૨૦ બત્રીશીઓ જ છે. પત્ર ૪૮ છે. લંબાઈ-પહોળાઈ ૨×૧૪ ઈંચ છે. એક દ્વાત્રિંશિકાને અંતે **इति द्वेष्यश्वेतपटसिद्धसेनाचार्यस्य कृतिः** આવો વિશિષ્ટ અને વિચિત્ર ઉલ્લેખ પણ છે.

ભાંડારકર સંસ્થામાં આ તાડપત્રપ્રતિ ઉપરથી જ કાગળ ઉપર કરેલી એક પ્રતિલિપિ (=નકલ) પણ છે. જો કે પ્રતિલિપિ કરનાર લેખકે એમાં કેટલેક સ્થળે અશુદ્ધ પાઠોનો ઉમેરો કરેલો છે તો પણ પાઠાંતરો લેવા ઇચ્છનારને એ અતિઉપયોગી જ છે. જો કોઈ મહાનુભાવની સ્વયં પાઠાંતરો લેવાની ઇચ્છા હોય તો આ કાગળ ઉપર કરેલી પ્રતિલિપિનો ઉપયોગ કરી શકાય તેમ છે. તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથો સંસ્થા બહાર નથી મળી શકતા, પણ કાગળ ઉપર લખાયેલા ગ્રંથો સંસ્થાનાં ધારાધોરણ મુજબ ગમેત્યાં બહારગામ પણ મળી શકે છે.

## એક પ્રાસંગિક વિચારણા

૧૯મી દ્વાત્રિંશિકાની રચનામાં દિવાકરજીએ ભગવાન ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રનો ખાસ ઉપયોગ કર્યો છે. **दर्शन-ज्ञान-चारित्राण्युपायाः शिवहेतवः ।** આ ૧૯મી દ્વાત્રિંશિકાની ૧લી કારિકાનું પૂર્વાર્ધ વાંચતાં જ સ્પષ્ટ જોઈ શકાય છે કે એમાં **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः [ तत्त्वार्थ० १ । १ । ]** સૂત્રની સ્પષ્ટ છાયા છે. આવાં બીજાં પણ સ્થળો છે. તે જ રીતે આ કારિકા પણ તત્ત્વાર્થસૂત્રને અનુસરીને છે. **संघात-भेदो-भयतः परिणामाच्च संभवः** આ અંશ **"संघात-भेदेभ्य उत्पद्यन्ते" [तत्त्वार्थ० ५ । २६ ]** આ સૂત્રને અનુસરીને છે. જો કે મૂલસૂત્રમાં **संघात** અને **भेद** બેનો જ ઉલ્લેખ છે, તો પણ ભાષ્યમાં **संघात, भेद** તથા **उभय**-એ ત્રણેનો નિર્દેશ છે. આથી અહીં દિવાકરજીએ ભાષ્યનો ઉપયોગ કર્યો છે, એમ પણ જણાય છે.

તત્ત્વાર્થસૂત્રની બે પાઠપરંપરા ચાલે છે. એક ભાષ્યસંમત પાઠપરંપરા છે કે જેને બધા જ શ્વેતાંબરો અનુસરે છે, કેમકે ભાષ્યને સ્વોપજ્ઞ-ઉમાસ્વાતિપ્રણીત-જ માને છે. બીજી સર્વાર્થસિદ્ધિસંમત પાઠપરંપરા છે કે જેને બધા જ દિગંબરો અનુસરે છે. કેટલેક સ્થળે એ પાઠભેદની સાથે અર્થભેદ પણ મોટો પડી જાય છે. આ સ્થળે દિગંબરપરંપરામાં **भेद-संघातेभ्य उत्पद्यन्ते** એવો સૂત્રપાઠ છે, જ્યારે શ્વેતાંબરપરંપરામાં **संघात-भेदेभ्य उत्पद्यन्ते** એવો ભાષ્યસંમત સૂત્રપાઠ છે. દિવાકરજી ભાષ્યસંમત સૂત્રપાઠને અનુસર્યા છે એ અહીં સ્પષ્ટ જોઈ શકાય છે.

તેવી જ રીતે **बद्धस्पृष्टगम(सम)द्व्यादिस्नेहरौक्ष्यातिशायनात्** આ કારિકાંશ **"द्व्यधिकादिगुणानां तु"** તથા **"बन्धे समाधिकौ पारिणामिकौ" [ तत्त्वार्थ० ५ । ३५,३६ ]** આ સૂત્ર સાથે સંબંધ ધરાવે છે. **द्व्यधिकादिगुणानां तु** આ સૂત્રનો દિગંબર અને શ્વેતાંબર પરંપરામાં ભિન્ન ભિન્ન અર્થ માનવામાં આવે છે. દિગંબરો 'આદિ' શબ્દનો '=વગેરે' એવો અર્થ ન કરતાં 'પ્રકાર' એવો અર્થ કરે છે. એટલે સર્વાર્થસિદ્ધિ આદિ બધી જ દિગંબરીય વ્યાખ્યાઓ પ્રમાણે અજઘન્યગુણસ્નિગ્ધ અથવા અજઘન્યગુણરુક્ષ પરમાણુનો તેનાથી 'દ્વ્યધિક' એવા ગુણવાળા સાથે જ બંધ માનવામાં આવે છે; ત્ર્યધિક ચતુરધિક આદિ ગુણવાળા સાથે બંધ માનવામાં નથી આવતો. પરંતુ શ્વેતાંબરપરંપરામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષ્ય અને ભાષ્યાનુસારિ વૃત્તિ પ્રમાણે **आदि** શબ્દનો='વગેરે' એવો સીધો અર્થ જ લેવામાં આવે છે અને તેથી ત્રિગુણાધિક, ચતુર્ગુણાધિક, યાવત્ અનંતગુણાધિકની સાથે પણ બંધ માનવામાં આવે છે. **द्वयादिस्नेहरौक्ष्यातिशायनात्** દિવાકરજીના વચનથી તેઓ ભાષ્યસંમત માન્યતાને જ અનુસર્યા છે એ સ્પષ્ટ જોઈ શકાય છે.

૩૬મા સૂત્રમાં દિગંબરપરંપરામાં **बन्धेऽधिकौ पारिणामिकौ** એવો સૂત્રપાઠ છે, જ્યારે શ્વેતાંબરપરંપરામાં **बन्धे समाधिकौ पारिणामिकौ** એવો સૂત્રપાઠ છે. દિગંબરમત પ્રમાણે દ્વિગુણસ્નિગ્ધનો દ્વિગુણરુક્ષ સાથે તેમજ ત્રિગુણસ્નિગ્ધનો ત્રિગુણરુક્ષ સાથે—એમ સમગુણસ્નિગ્ધનો સમગુણરુક્ષ સાથે બંધ માનવામાં નથી આવતો. પરંતુ ભાષ્યસંમતપાઠાનુસારિ શ્વેતાંબરપરંપરામાં એ પ્રકારનો (સમગુણસ્નિગ્ધનો સમગુણરુક્ષ સાથે) બંધ માનવામાં આવે છે. **बद्धस्पृष्टगम(सम)**—આ વચનથી દિવાકરજીએ ભાષ્યસંમત પરંપરાનો જ સ્વીકાર કર્યો છે એ જોઈ શકાય છે.

દિગંબરપરંપરામાં વિદ્યમાન તત્ત્વાર્થવૃત્તિઓમાં **પૂજ્યપાદ** નામથી પ્રસિદ્ધ આચાર્ય દેવનંદિએ રચેલી **સર્વાર્થસિદ્ધિ** સૌથી પ્રાચીન વૃત્તિ છે. અકલંક આદિ બધા જ દિગંબર વૃત્તિકારો આ સર્વાર્થસિદ્ધિમાન્ય સૂત્રપાઠને જ અનુસર્યા છે. દિવાકરજી સર્વાર્થસિદ્ધિકાર કરતાં પણ પ્રાચીન છે. (આ સંબંધમાં વિસ્તારથી જાણવા માટે જુઓ ભારતીયવિદ્યાના સિંધી સ્મારક અંકમાં પં. સુખલાલજીનો લેખ) કારણ કે પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિમાં દિવાકરજીની બત્રીશીમાંથી એક કારિકાર્ધ ઉદ્‌ધૃત કર્યું છે. તેમજ એ જ પૂજ્યપાદપ્રણીત જૈનેન્દ્ર વ્યાકરણમાં સિદ્ધસેનાચાર્યના નામોલ્લેખપૂર્વક દિવાકરજીના મતનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

આ. શ્રી. **મલ્લવાદિક્ષમાશ્રમણપ્રણીત** દ્વાદશારનયચક્રની વૃત્તિમાં ટીકાકાર શ્રી સિંહસૂરગણિવાદિક્ષમાશ્રમણે **यत्र ह्यर्थो वाच्यं (वाचं ?) व्यभिचरति नाभिधानं तत्** આવું શબ્દનયનું લક્ષણ **तथाचाचार्यसिद्धसेन आह** આવા નામોલ્લેખપૂર્વક ઉદ્‌ધૃત કર્યું છે. ×બીજે બધે સ્થળે સિદ્ધસેનાચાર્યના નામે ટીકાકારે ઉદ્‌ધૃત કરેલાં પ્રાયઃ વચનો દિવાકરજીનાં જ છે, તેથી આ સિદ્ધસેનાચાર્ય પણ દિવાકરજી હોવાનો જ સંભવ છે. તત્ત્વાર્થભાષ્યમાં (અધ્યાય ૧) નયનિરૂપણમાં **यथार्थाभिधानं शब्दः** એવું શબ્દનયનું લક્ષણ આવે છે. આની સાથે સિદ્ધસેનાચાર્યના નામે ઉદ્‌ધૃત કરવામાં આવેલા શબ્દનયના લક્ષણને બારીકાઈથી સરખાવી જોતાં શ્રી સિદ્ધસેનાચાર્યના શબ્દનયના લક્ષણનો તત્ત્વાર્થભાષ્યગત શબ્દનયના લક્ષણની સાથે સંબંધ છે એમ સ્પષ્ટ જોઈ શકાય છે. આથી પણ એ વાતની પુષ્ટિ થાય છે કે-દાર્શનિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રી. સિદ્ધસેનદિવાકરજીએ પણ તત્ત્વાર્થભાષ્યનો ઉપયોગ કર્યો છે.

નિપાણિ (મહારાષ્ટ્ર), સં. ૨૦૦૪, માગશર વદ ૧૦, તા. ૫-૧-૪૮.

---

× અહીં **यत्र ह्यर्थो वाच्यं न व्यभिचरति अभिधानं तत्**—એ પ્રકારે અન્વય કરવાથી આ વાક્ય વિધિપ્રધાન છે અને તેમાં શબ્દનયના લક્ષણનું વિધાન કરવામાં આવ્યું છે એ બરાબર સમજી શકાશે. તત્ત્વાર્થટીકાકાર ગંધહસ્તી શ્રી સિદ્ધસેનગણિએ પણ આ વાક્યને **तथाचोच्यते "यत्र ह्यर्थो वाचं न व्यभिचरत्यभिधानं तत्"** એ રીતે જ ઉદ્‌ધૃત કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર-પ્રબોધ

પ્રયોજક:-પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી. વિજયપદ્મસૂરિજી

( ગતાંકથી ચાલુ )

**૪૪ પ્રશ્ન**—અન્ય દર્શનકારોમાંના કેટલાક એમ માને છે કે શરીરમાં દાખલ થવાના વખતે અને શરીરમાંથી નીકળવાના વખતે આત્મા દેખાતો નથી. માટે અમે માનીએ છીએ કે 'આત્મા નામનો પદાર્થ છે જ નહિ,' ને દેહની હયાતીમાં સંવેદન (ચૈતન્ય) સંભવે છે, અને તે બળીને રાખ થયા પછી ચૈતન્ય જણાતું નથી માટે અમે કહીએ છીએ કે દેહમાંથી ચૈતન્ય પ્રગટ થાય તેથી ચૈતન્ય પદાર્થ છે, ને તે દેહાશ્રિત છે. કારણ કે જેમ ભીંતમાં ચિત્રામણ રહે તેમ તે શરીરમાં રહે છે. જેમ ભીંત વિના ચિત્ર ન રહે, અને તે એક ભીંત છોડીને બીજી ભીંતમાં જાય નહિ, એટલે ચિત્ર ભીંતમાં જ ઉપજે (ચિત્રાય) ને ત્યાં જ નાશ પામે, વળી જેમ પાણીનો પરપોટો પાણીમાં જ ઉત્પન્ન થાય, ને ત્યાં જ નાશ પામે, તેવી રીતે ચૈતન્ય પણ પંચ ભૂતમાંથી પ્રગટે ને ત્યાં જ નાશ પામે, એમ કેમ ન માની શકાય?

**ઉત્તર**—આત્મા, અમૂર્ત (અરૂપી) છે, ને આંતર (કાર્મણ, સૂક્ષ્મ, લિંગ) શરીર પણ જેમ રૂપિ છતાં બહુ જ સૂક્ષ્મ હોવાથી દેખાતું નથી, તો પછી અરૂપી આત્મા ન દેખાય, એમાં નવાઈ શી? એ પ્રમાણે જૈનો તો શું પણ બીજાઓ પણ માને જ છે, એમ પ્રભાકરના આ શ્લોક ઉપરથી સાબિત થાય છે તે આ પ્રમાણે—

अन्तरा भवदेहोऽपि, सूक्ष्मत्वान्नोपलक्ष्यते ॥
निष्क्रामन्प्रविशन्वाऽपि नाभावोऽनीक्षणादपि ॥१॥

અર્થ:—જ્યાંસુધી સંસારી જીવ સંસારમાં રહે, એટલે મોક્ષે ન જાય, ત્યાં સુધી, કાર્મણ શરીર, તેની સાથે જ રહે છે, માટે તે ભવદેહ કહેવાય છે. તે શરીર બહુ જ સૂક્ષ્મ હોવાથી તેની જેમ—વચમાં તેને ધારણ કરનાર આત્મા પણ જ્યારે પૂર્વ સ્થાનમાંથી નીકળે ને નવીન સ્થાનમાં દાખલ થાય, ત્યારે દેખાતો નથી, તોપણ-આત્મા નથી એમ તો નથી જ-એટલે આત્મા છે જ. આ પ્રમાણે જો કે કાર્મણ શરીરવાળો છતાં પણ આત્મા જતાં કે આવતાં દેખાતો નથી, તોપણ અમુક અમુક ચિહ્નોથી આત્માનો નિર્ણય જરૂર કરી શકાય છે.

અહીં દૃષ્ટાંત એ કે-જેણે ભૂત વગેરેને પહેલાં જોયેલ નથી, તે માણસ પણ જેમ "એને ભૂત વગેરેનો વળગાડ છે, તે કારણ વિના પણ વારંવાર હાસ્ય ગાયન, રુદન વગેરે ચેષ્ટાઓ કરે છે"-આ ચિહ્નો જોઈને નિર્ણય કરે છે કે—આ માણસના શરીરમાં ભૂત વગેરે દાખલ થયેલ છે, તેવી રીતે શ્વાસોચ્છ્વાસ વગેરે ચિહ્નો જોઈને આત્માનો પણ નિર્ણય કરી શકાય છે. વળી વાદીએ પંચભૂત ધર્મ ચૈતન્યને સાબિત કરવા જે ચિત્રનું દૃષ્ટાંત આપ્યું, તે પણ ગેરવાજબી છે. કારણ કે-ચિત્ર, અચેતન (જડ) છે, ચાલવાના સ્વભાવ વિનાનું છે. અને આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, તથા કર્માધીન હોવાથી નારકાદિ વિવિધ ગતિઓમાં ભમણ કરનારો છે. આથી સાબિત થયું કે ભીંત-ચિત્ર અને આત્મા તદ્દન વિલક્ષણ હોવાથી, ચાલુ પ્રસંગે ભીંત-ચિત્રનું દૃષ્ટાંત આપી શકાય જ નહિ. તેથી ચૈતન્ય પંચભૂતનો ધર્મ છે, એમ કહેવું ઉચિત નથી. ૪૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૪૫ પ્રશ્ન**—એક બાજુ કર્મબંધના પ્રસંગે શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં મિથ્યાત્વાદિ પાંચ હેતુઓ જણાવ્યા, ને બીજી બાજુ શ્રી સમ્મતિપ્રકરણના પહેલા કાંડની ૧૯મી ગાથામાં કહ્યું છે કે-યોગનિમિત્તે કર્મ બંધાય છે. તો આ બંને પાઠોનું ખરું રહસ્ય શું સમજવું?

**ઉત્તર**—મિથ્યાત્વની મુખ્યતાથી પહેલે ગુણસ્થાને કર્મ બંધાય છે. અને બીજા, ત્રીજા, ચોથા ને પાંચમા ગુણસ્થાનકે, અવિરતિની મુખ્યતાથી કર્મ બંધાય છે, તથા છઠ્ઠા ગુણસ્થાનકથી માંડીને નવમા ગુણસ્થાનક સુધીના ચાર ગુણસ્થાનકે કષાયની મુખ્યતાથી કર્મ બંધાય છે, ને દશમા ગુણસ્થાનકથી માંડીને તેરમા સયોગ ગુણસ્થાન સુધીના ચાર ગુણસ્થાને થતા કર્મબંધમાં યોગની મુખ્યતા છે. જે વખતે જે હેતુની કર્મબંધમાં મુખ્યતા હોય, તે વખતે સંભવતા બીજા હેતુઓ પણ ગૌણપણે રહેલા જ છે. જેમ પહેલા ગુણસ્થાનકે જે કર્મબંધ થાય તેમાં મિથ્યાત્વ હેતુની મુખ્યતા, ને બાકીના અવિરતિ, કષાય, યોગની ગૌણતા સમજવી. આ રીતે આગળ બીજા વગેરે ગુણસ્થાનકોમાં પણ, અવિરતિ વગેરે હેતુઓમાં પણ, એક હેતુની મુખ્યતા હોય, ત્યારે બીજા સંભવતા હેતુઓની ગૌણતા સમજવી. આ મુદ્દાથી શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં ચાર બંધ હેતુઓ જણાવ્યા છે, ને યોગ હેતુ લાંબા સમય સુધી રહે છે. એટલે જેમ ઠેઠ તેરમા સયોગ ગુણસ્થાનક સુધી યોગ હેતુ કાયમ રહે છે, મિથ્યાત્વ, અવિરતિ અને કષાય તેવા નથી. એટલે મિથ્યાત્વ વગેરે ત્રણ હેતુઓ લાંબા કાળ સુધી રહેતા નથી. માટે જ મિથ્યાત્વાદિ ચાર હેતુઓમાં યોગને છેવટે જણાવ્યો છે એ આથી સમજાય છે. કર્મબંધની સાથે જેવો યોગનો અવિનાભાવ સંબંધ છે, તેવો મિથ્યાત્વાદી ત્રણનો સંબંધ નથી. માટે કર્મબંધમાં મુખ્ય કારણ યોગને માની ને બીજાં ત્રણ કારણને ગૌણ માની યોગ નિમિત્તે શુભ અથવા અશુભ કર્મ બંધાય એમ પણ કહી શકાય. આ મુદ્દાથી શ્રીસંમતિમાં અને વિશેષાવશ્યકની ૧૯૩૫મી ગાથામાં યોગને કર્મબંધમાં નિમિત્ત કહ્યો છે. આ રીતે જુદી જુદી અપેક્ષાએ બન્ને વચનો ઘટી શકે છે. તેમાં લગાર પણ અર્થભેદ છે જ નહિ. આવાં આપેક્ષિક વચનો શ્રી ભગવતીસૂત્ર વગેરે ઘણાં સૂત્ર ગ્રંથાદિમાં પણ જણાય છે. શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે જ્યાં સુધી આ જીવ ત્રણ યોગમાંની કંઈ પણ ક્રિયા કરે, ત્યાં સુધી તેને કર્મબંધ ચાલુ રહે છે. કોઈ વખત આયુષ્યનો બંધ થતો હોય ત્યારે આઠે કર્મસમૂહને બાંધે, તે સિવાયના સમયે આયુષ્યનો બંધ થતો નથી માટે સાત કર્મો બંધાય. તેમાં પણ નવમા ગુણસ્થાનક સુધી બાદર કષાયના નિમિત્તે મોહનીય કર્મ બંધાય, તેથી દશમા ગુણસ્થાને આયુ-મોહ સિવાયનાં છ કર્મો બંધાય ને અગીયારમા બારમા તેરમા ગુણસ્થાનકે એક સાતાવેદનીય જ બંધાય; તે સિવાયનાં કર્મો ન જ બંધાય. ૪૫

**૪૬ પ્રશ્ન**—પાંચ પ્રકારના જ્યોતિષી દેવોમાં કયા દેવો કોની અપેક્ષાએ ઓછી ઋદ્ધિવાળા કહેવાય ને કયા દેવો કોની અપેક્ષાએ મહર્દ્ધિક કહેવાય?

**ઉત્તર**—૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા—આ રીતે પાંચ પ્રકારના જ્યોતિષી દેવોમાં તારા દેવો કરતાં નક્ષત્રદેવો મહર્દ્ધિક સમજવા અને નક્ષત્રદેવોથી ગ્રહદેવો મહર્દ્ધિક સમજવા. ગ્રહદેવોથી સૂર્ય-ઇંદ્રો મહર્દ્ધિક અને સૂર્ય (દેવો)થી ચંદ્ર-ઇંદ્રો મહર્દ્ધિક સમજવા. અહીં મહર્દ્ધિકપણાનો અને અલ્પર્દ્ધિકપણાનો સંબંધ દેવાયુષ્યની સ્થિતિ સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. તેથી સમજાય છે કે-અલ્પર્દ્ધિક દેવેનું આયુષ્ય મહર્દ્ધિક દેવોના આયુષ્યની અપેક્ષાએ અલ્પ હોય. માટે જ ચંદ્રાદિ પાંચેમાં ચંદ્રનું સૌથી વધારે આયુષ્ય હોવાથી સૂર્યાદિ ચાર જ્યોતિષી કરતાં વધારે મહર્દ્ધિક ચંદ્રો ગણાય. તેમાંથી સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા ક્રમસર ઓછી ઓછી ઋદ્ધિવાળા કહેવાય. કારણ કે ચંદ્રમાનું આયુષ્ય ૧ પલ્યોપમ ને લાખ વર્ષનું, સૂર્યનું આયુષ્ય ૧ પલ્યોપમ ને હજાર વર્ષનું, ગ્રહનું ૧ પલ્યોપમનું આયુષ્ય, નક્ષત્રનું અર્ધપલ્યોપમનું અને તારાનું આયુષ્ય ૧ પલ્યોપમનું શ્રી જીવાભિગમ, પ્રજ્ઞાપનાસૂત્રાદિમાં જણાવ્યું છે. ૪૬.

**૪૭ પ્રશ્ન**—ચંદ્રાદિ પાંચેમાં શીઘ્ર ગતિ કરનારા કોણ ? ને મંદ ગતિ કરનારા કોણ ?

**ઉત્તર**—૧ ચંદ્ર, ૨ સૂર્ય ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા—અહીં જણાવ્યા પ્રમાણે, ક્રમસર ચંદ્રથી સૂર્યની ગતિ ઉતાવળી હોય, તેનાથી ગ્રહ-નક્ષત્ર-તારાની ક્રમસર ગતિ શીઘ્ર હોય છે. કારણ કે એક અહોરાત્રમાં ચંદ્રમા જેટલું ક્ષેત્ર ચાલે, તેટલું ક્ષેત્ર ચાલતાં સૂર્યને અહોરાત્રથી ઓછો વખત લાગે છે, તેનાથી ગ્રહને, નક્ષત્રને ને તારાને ક્રમસર તેટલું જ ક્ષેત્ર ચાલતાં ઓછો વખત લાગે છે. એમ શ્રી જીવાભિગમસૂત્ર ટીકાદિમાં જણાવ્યું છે. ૪૭.

**૪૮ પ્રશ્ન**— જ્યોતિષી દેવાદિનું જઘન્યોત્કૃષ્ટ આયુષ્ય કેટલું કેટલું હોય ?

**ઉત્તર**—(૧) ચંદ્રવિમાનમાં દેવોનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમનો ચોથો ભાગ, ને ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ અને એક લાખ વર્ષ પ્રમાણ જાણવું. તેમાં ચંદ્રવિમાનમાં ચંદ્રદેવ, સામાનિક દેવો ને આત્મરક્ષક દેવો વગેરે ઉપજે છે. તેમાં એવો નિયમ છે કે, ચંદ્ર અને તેના સામાનિક દેવોનું આયુષ્ય ઉત્કૃષ્ટ જ હોય, ને આત્મરક્ષકાદિ દેવોનું આયુષ્ય જઘન્ય જ હોય. તથા ચંદ્રવિમાનમાં રહેનારી દેવીઓનું જઘન્ય આયુષ્ય ૧/૪ પલ્યોપમ, ને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧/૨ પલ્યોપમ અને ૫૦૦૦૦ વર્ષો, (૨) સૂર્યવિમાનમાં દેવોનું જ૦ આ૦ ૧/૪પલ્યોપમ, ઉ૦ આ૦ એક પલ્યોપમને ૧ હજાર વર્ષ; દેવીઓનું જ૦ આ૦ ૧/૪પલ્યોપમ, ઉ૦ આ૦ ૧/૨પલ્યોપમ ને ૫૦૦વર્ષ; (૩) ગ્રહવિમાનમાં દેવોનું જ૦ આ૦ ૧/૪પલ્યો૦, ઉ૦ આ૦ ૧પલ્યોપમ; દેવીઓનું જ૦ આ૦ ૧/૪પલ્યોપમ, ઉ૦ આ૦ ૧/૨પલ્યોપમ; (૪) નક્ષત્ર વિમાનમાં દેવોનું જ૦ આ૦ ૧/૪પલ્યોપમ, ઉ૦ આ૦ ૧/૨પલ્યોપમ; દેવીઓનું જ૦ આ૦ ૧/૪પલ્યોપમ, ઉ૦ આ૦ સાધિક ૧/૪પલ્યોપમ. (૫) તારા વિમાનમાં દેવોનું જ૦ આ૦ ૧/૮પલ્યોપમ, ઉ૦ આ૦ ૧/૪પલ્યોપમ; દેવીઓનું જ૦ આ૦ ૧/૮પલ્યોપમ, ઉ૦ આ૦ સાધિક ૧/૮પલ્યોપમ ૪૮.

**૪૯ પ્રશ્ન**— ચંદ્રાદિ પાંચેમાં કયા કયા વધારે ને કયા કયા ઓછા હોય ?

**ઉત્તર**—ગ્રહાદિ ત્રણ કરતાં ચંદ્ર સૂર્યો ઓછા હોય. ને માંહો માંહે વિચારીએ તો સૂર્ય અને ચંદ્રો સરખી સંખ્યામાં હોય, કારણકે દરેક દ્વીપાદિમાં સરખી સંખ્યાએ જ ચંદ્ર જણાવે છે. જેમ જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્રમા, લવણ સમુદ્રમાં ૪ સૂર્ય ને ૪ ચંદ્રમા વગેરે. નક્ષત્રો સંખ્યાતગુણા જાણવા, કારણ કે દરેક ચંદ્રાદિના પરિવારમાં ૨૮-૨૮ નક્ષત્રો હોય છે. તેથી ગ્રહો સંખ્યાતગુણા જાણવા. કારણ કે નક્ષત્ર કરતાં સાધિક ત્રણ ગુણા ગ્રહો, દરેક ચંદ્રાદિના પરિવારમાં જણાવ્યા છે. તેનાથી તારા સંખ્યાતગુણા જાણવા. કારણ કે દરેક સૂર્યાદિના પરિવારમાં ઘણી કોડાકોડી પ્રમાણ તારા હોય છે. તારા કરતાં ગ્રહો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય ક્રમસર ઓછા ઓછા જાણવા. એમ શ્રી જીવાભિગમ, પ્રજ્ઞાપનાસૂત્ર વૃત્તિ વગેરેમાં જણાવ્યું છે. ૪૯.

**૫૦-પ્રશ્ન**—શ્રીજીવાજીવાભિગમસૂત્રના રચનાર કોણ ?

**ઉત્તર**—પ્રભુ શ્રી મહાવીરદેવના પ્રશિષ્ય ચૌદ પૂર્વધર ભગવંતે શ્રીજીવાજીવાભિગમસૂત્ર બનાવ્યું છે, એમ "**श्रीमज्जिनप्रशिष्यचतुर्दशपूर्वधरविरचितं**" ઇત્યાદિ વાક્યથી સમજાય છે. ૫૦.

**૫૧ પ્રશ્ન**—શ્રીજીવાજીવાભિગમસૂત્ર કયા અંગનું ઉપાંગસૂત્ર છે ?

**ઉત્તર**—ત્રીજા અંગ તરીકે સુપ્રસિદ્ધ શ્રી સ્થાનાંગસૂત્રનું ઉપાંગ આ શ્રીજીવાજીવાભિગમસૂત્ર છે. ૫૧.

**૫૨ પ્રશ્ન**—અંગ અને ઉપાંગમાં ફેર શો ?

**ઉત્તર**—અંગ સૂત્રોમાં જણાવેલી પદાર્થતત્ત્વની ટૂંક બીનાનો વિસ્તાર ઉપાંગ સૂત્રોમાં કર્યો છે-એટલે જેમાં અંગની બીના વિસ્તારથી જણાવી હોય તે ઉપાંગ કહેવાય. શરીરમાં અંગ અને ઉપાંગની જેવી સંકલના હોય છે, તેવી જ અંગ સૂત્રોની અને ઉપાંગ સૂત્રોની સંકલના ઘટી શકે છે. અંગ ૧૨ છે તેજ પ્રમાણે ઉપાંગ પણ બાર છે. બારમું અંગ દૃષ્ટિવાદ વિચ્છેદ પામ્યું છે. ૫૨.

**૫૩ પ્રશ્ન**—શ્રી આચારાંગસૂત્રના મૂલ નિર્યુક્તિ વગેરેનું પ્રમાણ શું ?

**ઉત્તર**—મૂલ સૂત્રના રચનાર શ્રી સુધર્માસ્વામી ગણધર. સૂત્રનું પ્રમાણ--૨૫૨૫ શ્લોક. આર્યા છંદમાં નિર્યુક્તિના બનાવનાર શ્રી ભદ્રબાહુ સ્વામી. નિર્યુક્તિનું શ્લોક પ્રમાણ-૪૫૦, ગાથા-૩૬૨. ચૂર્ણિનું પ્રમાણ ૮૩૦૦ શ્લોક, ટીકાકાર શ્રી શીલાંકાચાર્ય, તેમણે સં. ૯૩૩માં ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી. તે પહેલાં શ્રી ગંધહસ્તિએ અંગ સૂત્રોની ટીકા બનાવી હતી. તેમાં શીલાંકાચાર્યે જણાવેલા—**शास्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं**' ઇત્યાદિ વાક્યો પ્રમાણભૂત છે. કાલ દોષથી તે વિચ્છેદ પામતાં શ્રી અભયદેવસૂરિએ નવ અંગોની ટીકા નવી બનાવી તે વખતે શ્રી શીલાંકાચાર્યકૃત આચારાંગટીકા અને સૂત્રકર્તાંગટીકા હયાત હતી તેથી તેમણે નવી ટીકા ન બનાવી ૫૩.

**૫૪ પ્રશ્ન**— શ્રી સૂત્રકૃતાંગ નામના બીજા અંગની નિર્યુક્તિ વગેરેનું પ્રમાણ શું ?

**ઉત્તર**— ૧ મૂલ સૂત્રનું શ્લોકપ્રમાણ ૨૧૦૦, ૨ નિર્યુક્તિના બનાવનાર શ્રી ભદ્રબાહુસ્વામી, ૩ નિયુક્તિનું શ્લોકપ્રમાણ ૨૬૫, ગાથા ૨૦૮ ૪ ચૂર્ણિ-૧૦૦૦૦ શ્લોક પ્રમાણ, ૫ શ્રી શીલાંકાચાર્યે બનાવેલી ટીકાનું પ્રમાણ ૧૨૮૫૦ શ્લોક. ૫૪.

**૫૫ પ્રશ્ન**— શ્રી સ્થાનાંગસૂત્રના મૂલસૂત્ર ટીકા આદિનું પ્રમાણ શું ?

**ઉત્તર**—મૂલ સૂત્રનું પ્રમાણ ૩૬૦૦, પૂજ્યશ્રી અભયદેવસૂરિ મહારાજે વિ૦ સં૦ ૧૧૨૦માં ૧૪૨૫૦ શ્લોકપ્રમાણ બનાવી છે. તે હાલ વિદ્યમાન છે. ૫૫.

**૫૬ પ્રશ્ન**—શ્રી સમવાયાંગસૂત્રના મૂલસૂત્ર, ટીકા વગેરેનું પ્રમાણ શું ?

**ઉત્તર**—૧ મૂલ સૂત્રનું પ્રમાણ ૧૬૬૭, ૨ શ્રી અભયદેવસૂરિ મહારાજે વિ૦ સં૦ ૧૧૨૦ માં ૩૫૭૪ શ્લોકપ્રમાણ ટીકા બનાવી. ૫૬.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ ટાઈટલના બીજા પાનાથી ચાલુ ]

( ५ ) जैन साधु वस्तुतः भिक्षुक नहीं हैं; क्योंकि वे रात दिन ज्ञान ध्यान में लगे रहने के अतिरिक्त साहित्यिक प्रवृत्ति और जनकल्याण के निमित्त उपदेश देने के कार्य में अपने आपको संलग्न रखते हैं।

( ६ ) जैन साधु बीड़ी, तम्बाकू, पान, भांग, गांजा, चरस आदि समस्त व्यसनों से सर्वथा रहित रहते हैं। नाटक, सिनेमा आदि की तो बात ही दूर है।

( ७ ) जैन साधु हमेशा ही पैदल भ्रमण करते हैं। तांगा, घोड़ा, साइकिल, ऊँट, मोटर, रेल आदि किसी भी सवारी का उपयोग नहीं करते हैं।

( ८ ) अपने उपयोग के लिये मात्र मर्यादित वस्त्र रखते हैं और यहां तक कि धातु के पात्र भी काम में नहीं लाते हैं। काठ के पात्र का ही उपयोग करते हैं।

( ९ ) पैसा और स्त्री दोनों से दूर रहते हैं। अपनी सगी माता या एक दिन की लड़की क्यों हो, वे उसका स्पर्श भी नहीं कर सकते हैं। इसके अतिरिक्त वे वनस्पति और फल फूल का स्पर्श नहीं कर सकते हैं।

( १० ) भिक्षा लाने के लिये जो ४२ नियम बने हैं, उनका कठोरता से पालन करना जैन साधुओं के लिये अनिवार्य है।

इस प्रकार के त्यागी, संयमी और लोकोपकारी साधुओं को भिक्षुओं में समावेश करके उन पर बेगर्स बिल लागू करना अनुचित और अन्यायपूर्ण होगा। इसलिये मेरा अनुरोध है कि सभा यदि इस बिल को पास करना ही चाहती है, तो जैन साधुओं पर बिल लागू न हो सके, ऐसा सुधार करके यह बिल पास किया जावे।


## "વિશાલભારત"નો પુરાતત્ત્વાંક

કલકત્તાથી પ્રસિદ્ધ થતા 'વિશાલભારત' માસિકે એક પુરાતત્ત્વ-અંક પ્રગટ કરવાનું નક્કી કર્યું છે. આ અંકના એક સમ્પાદક પૂ. મુ. મ. શ્રી. કાંતિસાગરજી છે આ અંકમાં જૈન વિદ્વાનો તરફથી જૈન પુરાતત્ત્વ સંબંધી લેખો આપવામાં આવે એ જરૂરી અને ઇચ્છનીય છે. એટલે પૂજ્ય મુનિવરો તેમજ બીજા જૈન વિદ્વાનોને વિનંતી છે કે તેઓ પોતાના લેખો તા. ૧૫-૨-૪૮ પહેલાં નીચેના સરનામે જરૂર મોકલી આપે.

પૂ. મુ. મ. શ્રી કાંતિસાગરજી
C/o વિશાલભારત કાર્યાલય
૧૨૦ | ૨ અપર સરક્યૂલર રોડ, કલકત્તા.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન પ્રતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

### (૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દસમા, અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only